Shri Mahavir Jain Aradhana Kendra www.kobatirth.org Acharya Shri Kailassagarsuri Gyanmandir


# શ્રી આત્માનંદ પ્રકાશ



SHRI ATMANAND PRAKASH


## નિર્દોષતા

પારકા દોષ જોવાની આદતથી દોષોને શોધી કાઢવામાં જ ચિત્ત આગ્રહપૂર્વક રસ લઈ ને ભટકે છે એથી તે કલુષિત રહે છે. માટે પરાયા દોષ જોવાની ટેવ તદ્દન છોડી દેવી જોઇએ.

મનુષ્યે પોતામાં જે દોષ રહ્યા હોય તે દૂર કરવા જોઇએ. જેટલી ગંભીર ઉત્કટતાથી એ પોતાના દોષ-નિવારણને ઇચ્છે છે તેટલી સફલતાથી તે પોતાના દોષ શોધીને તેને સરળતાથી દૂર કરી શકે છે. દોષને દોષ રૂપે જે સ્પષ્ટ જોઇ શકે છે તે ફરી કદી તે દોષનો સ્વીકાર નહિ કરે. વીંછી કે સર્પને ઓળખી જાય છે તે તેનાથી સાવધ રહે છે તે રીતે જ પોતામાંથી જે દોષોને સમજણ પૂર્વક દૂર કરે છે તે ફરી તે દોષ પ્રત્યે પ્રેરાશે નહિ. આમ કરવાથી મનુષ્યના સ્વભાવમાં તુરત પરિવર્તન થવા લાગે છે. દોષોનો ત્યાગ કરી તેનાં ચિંતનને પણ છોડી દેવું જોઇએ. તેમજ પોતે દોષનો ત્યાગ કર્યો છે ને સદ્‌ગુણોને ગ્રહણ કર્યા છે એવા વિચારને પણ છોડી દેવા જોઇએ. કારણ કે પોતે સદ્‌ગુણી છે એ જાતનું અભિમાન હોવું તે પણ એક દોષ છે. દોષોની ઉત્પતિ ન થવી અને પોતાના સદ્‌ગુણોનું અભિમાન ન થવું એ જ ખરેખરી નિર્દોષતા છે.

'शरणागत'


પ્રકાશક:-
શ્રી જૈન આત્માનંદ સભા
ભાવનગર

પુસ્તક ૫૮
અંક ૧૧-૧૨

ભાદરવો-આસો
સં. ૨૦૧૭


For Private And Personal Use Only

Shri Mahavir Jain Aradhana Kendra www.kobatirth.org Acharya Shri Kailassagarsuri Gyanmandir

# સં. ૨૦૧૭ વાર્ષિક અનુક્રમણિકા–પદ્ય વિભાગ



| ક્રમાંક | લેખ | લેખક | પૃષ્ઠ |
|---|---|---|---|
| ૧ | વિજ્ઞાન તાંડવ | બાલચંદ હીરાચંદ | ૨ |
| ૨ | અવળો વેપલો | બાપુલાલ કાળીદાસ સંઘાણી | ૧૯ |
| ૩ | દુઃખને આવવાની રજા નથી ! | બાલચંદ હીરાચંદ | ૨૧ |
| ૪ | માતરતિર્થ | મુનિ શ્રી લક્ષ્મીસાગરજી | ૪૯ |
| ૫ | હરિયાલી | ચંદનમલ નાગોરી | ૫૧ |
| ૬ | ઉપેક્ષિત વન કુસુમ | બાલચંદ હીરાચંદ | ૫૨ |
| ૭ | વડલો | બાપુલાલ કાળીદાસ સંઘાણી | ૫૩ |
| ૮ | શ્રી આદિશ્વર સ્તવન | ,, | ૬૬ |
| ૯ | વર્ષોન્યોક્તિ | બાલચંદ હીરાચદ | ૬૭ |
| ૧૦ | અંધારે વીત્યો જન્મારો | મુની શ્રી લક્ષ્મીસાગરજી | ૮૨ |
| ૧૧ | મહાવીર જન્મ કલ્યાણક ગીત | રક્તતેજ | ૯૭ |
| ૧૨ | પાનસર મહાવીર સ્વામી સ્તવન | મુની શ્રી લક્ષ્મીસાગરજી | ૯૮ |
| ૧૩ | વીર પ્રભુનું આમંત્રણ | બાલચંદ હીરાચંદ | ૯૯ |
| ૧૪ | શ્રી વીર વંદન, અજિત વચના મૃતો | મુની શ્રી લક્ષ્મીસાગરજી | ૧૦૧-૧૨૨ |
| ૧૫ | એ માનવો કિમ માનવી | બાલચંદ હીરાચંદ | ૧૨૩ |
| ૧૬ | અંતરિક્ષ પાર્શ્વનાથ તીર્થોદ્ધારક | ,, | ૧૩૮ |
| ૧૭ | જીવન પંથ ઉજાળ | સ્વ. પાદરાકર | ૧૪૦ |
| ૧૮ | પર્વાધિરાજ પર્યુષણ મહોત્સવ | મુની લક્ષ્મીસાગરજી | ૧૫૩ |
| ૧૯ | હો નાગાધિરાજ | બાલચંદ હીરાચંદ | ૧૫૪ |
| ૨૦ | નવપદજીનું સ્તવન | મુની શ્રી લક્ષ્મીસાગરજી | ૧૭૪ |
| ૨૧ | પ્રભુ મહાવીર અને ચંદનબાળા | ,, | ૧૭૫ |



## ગદ્ય વિભાગ



| ક્રમાંક | લેખ | લેખક | પૃષ્ઠ |
|---|---|---|---|
| ૧ | નૂતનવર્ષનું મંગલવિધાન | પ્રકાશન સમિતિ | ૩ |
| ૨ | માનવ જીવનની ત્રણ અવસ્થા | મુની શ્રી લક્ષ્મીસાગરજી | ૫ |
| ૩ | આત્મધર્મ | અમરચંદ માવજી શાહ | ૮ |
| ૪ | શું 'મૃત્યુ' એ અક્ષરો જાણતા નથી | બાલચંદ હીરાચંદ | ૧૧ |
| ૫ | માણિક્ય દેવ સુરિની અનુપલબ્ધ કૃતિઓ | હીરાલાલ ર. કાપડીયા | ૧૩ |
| ૬ | સાચી વિદ્યા | મુની શ્રી લક્ષ્મીસાગરજી | ૨૨ |
| ૭ | પારકાના દુઃખથી દુઃખી થઇએ | બાલચંદ હીરાચંદ | ૨૪ |
| ૮ | વર્ણકો અને વર્ણનો | હીરાલાલ ર. કાપડીયા | ૨૭ |
| ૯ | સુખ પ્રાપ્તિ અને ઉન્નતિનો માર્ગ | કેદારનાથજી | ૩૨ |
| ૧૦ | ઉદ્દેશની એકતા | વિઠ્ઠલદાસ મૂ શાહ | ૫૪ |
| ૧૧ | મારી ઉમર પાંચ વર્ષની છે | બાલચંદ હીરાચંદ | ૫૮ |
| ૧૨ | સાધુ સાધ્વી શિબિર શું અને શા માટે | મુની નેમચન્દ્રજી | ૬૦ |



For Private And Personal Use Only

Shri Mahavir Jain Aradhana Kendra www.kobatirth.org Acharya Shri Kailassagarsuri Gyanmandir

# श्री आत्मानंद प्रकाश

વર્ષ ૫૮ મું ] ભાદરવો-આસો તા. ૧૫-૧૦-૬૧ અંક ૧૧-૧૨ મો ]

## सुभाषित

अमन्त्रमक्षरं नास्ति नास्ति मूलमनौषधम् ।
अयोग्यः पुरुषो नास्ति योजकस्तत्र दुर्लभः ॥

( અનુવાદ )

અક્ષરે મંત્ર સૂનો ના, ઓસડ સૂનું ન મૂળિયું;
નકામી એકેય વ્યક્તિ ના, તેના યોજક સ્વલ્પ છે.

For Private And Personal Use Only

Shri Mahavir Jain Aradhana Kendra www.kobatirth.org Acharya Shri Kailassagarsuri Gyanmandir

# શ્રી નવપદજીનું સ્તવન

## રચયિતા—મુનિરાજ શ્રી લક્ષ્મીસાગરજી-ચૂડા

( રૂમ ઝુમ કરતી આવી આઝાદી—એ રાગ. )

રૂમ ઝુમ કરતી આવી, ઓળી તો **રૂમ ઝુમ કરતી આવી.**
શુભ સંદેશો લાવી, ઓળી તો રૂમ ઝુમ કરતી આવી.
**આસો ચૈત્ર** સુદી સાતમથી, પુનમ સુધી કરીએ, (૨
સિદ્ધ ચક્રની સેવા કરીને, ધ્યાન **નવપદનું** ધરીએ (૨)
**મયણા શ્રીપાળ** ચરિત્ર સુણીએ, વ્યાખ્યાન મધ્યે આવી ઓળી તો.. (૧)

નવપદનું મંડળ આળેખી, લાખેણી આંગી રચાવો, (૨)
રૂડી રીતે સ્નાત્ર પૂજામાં. નરનારી મળી આવો; (૨)
પૂજા ભણાવો ભાવના - ભાવો, ગીત વાજીંત્ર બજાવી. ઓળી તો. (૨)

વિધિ સહિત આંબેલ કરીને, રાસ શ્રીપાળ વંચાવો (૨)
યથા શક્તિ પ્રભાવના કરીને, લ્યો લક્ષ્મીનો લ્હાવો (૨)
ઉલ્લાસ થકી આરાધના કરતાં, છે શિવપુરની ચાવી. ઓળી તો. (૩)

એવી રીતે ભક્તિ કરતાં, કઠણ કર્મને ચૂરે (૨)
વિમલેશ્વર યક્ષ પ્રસન્ન થઈ, તેહનાં વાંછિત પૂરે (૨)
**લક્ષ્મીસાગરજી** કહે પ્રભુ પસાયે, શિવસુંદરી મળે આવી. ઓળી તો૦ (૪)

For Private And Personal Use Only

Shri Mahavir Jain Aradhana Kendra www.kobatirth.org Acharya Shri Kailassagarsuri Gyanmandir

# પ્રભુ મહાવીર–અને ચંદનબાળા

## સંગ્રહકાર-મુનિરાજ શ્રી લક્ષ્મીસાગરજી-ચૂડા

જયવંતા પ્રભુ વીર અમારાં શાસન નાયક ધીર
ચંદનબાળાની જેમ પ્રભુજી અમને લેજો પ્રભુ વીર –(૧)

પુણ્યમયી સતીઓ થકી ઉજ્જવળ છે ઈતિહાસ
ચંદનબાળા સાધ્વી ચંદન સમી સુવાસ –(૨)

રાજકુમારી એ હતી. વૈભવનો નહિ પાર
તોયે આ સંસારનો મોહ નહિ એ લગાર –(૩)

કર્મબળે બહુ દુઃખ સહયાં, પલટી ગઇ ઘટ માળ
રઝળી રાજકુમારિકા, ક્રૂર થયો રે કાળ –(૪)

બાકુળા વહોરાવવા, બેઠી ઉંબરમાંય
વિનવે કોઇ અતિથિને, આવો આંગણુમાંય –(૫)

આવો આવો યોગીરાજ, મહાવીરસ્વામી આવો આજ
નિશદિન ઘટમાં નામ તમારૂં આપ તણાં ગુણ વાદ –(૬)


પગમાં બેડી માંથે મુંડી. આંખે આંસુધાર
ઉપવાસી ત્રણ ત્રણ દિનની, મુખે ગણે નવકાર –(૭)

એજ ક્ષણે ચમકાર થયો ને પગની બેડી તૂટી
માથે સુંદર વાળ થયા ને વરસી સુખની હેલી –(૮)

લક્ષ્મીસાગર નમન કરીને દર્શન દેજો આજ
આવો આવો મહાવીરસ્વામી પધારો આંગણે યોગીરાજ –(૯)

For Private And Personal Use Only

Shri Mahavir Jain Aradhana Kendra www.kobatirth.org Acharya Shri Kailassagarsuri Gyanmandir



# વ્યાકુલતા

લેખક—સાહિત્યચંદ્ર બાલચંદ હીરાચંદ, (માલેગામ)

આપણા અનેક અનુભવોમાં જુદી જુદી ભાવનાઓ સાથે વ્યાકુલતાનો પણ સમાવેશ થાય છે. આપણું કોઈ વહાલું માણસ પરગામથી આવવાનું હોય અને તેને આવવાનો સમય અતિક્રાંત થઈ ગએલો હોય ત્યારે આપણા મનની વ્યાકુલતા વધી પડે છે. અને આપણે અનેક જાતની ખોટી ખરી કલ્પનાઓના ઘોડા દોડાવી તેને વાર થવાના કારણો સાથે જોડી દઈએ છીએ. આપણને કોઈ પણ બીજું કામ સુઝતું નથી. જમવાનું પણ આપણે ભૂલી જઈએ છીએ. એવી વખતે કોઈ નાનું બાલક આપણી પાશે આવી આપણને કાંઈ પુછે તો તેને આપણે તોછડાઈથી દૂર ધકેલી દઈએ છીએ, તેણે પૂછેલો પ્રશ્ન આપણા મનમાં પેસતો પણ નથી. આપણા ચિત્તમાં તાલાવેલી એટલી બધી ઘર કરી લ્યે છે કે, આપણી વૃત્તિ એ વ્હાલા માણસના આગમન સાથે એકરૂપ થઈ બીજી કોઈ ભાવનાને ત્યાં અવકાશ જ મળતો નથી. એને વ્યાકુલતા કહે છે.

સતી સ્ત્રીને પોતાના પતિની જીવલેણ બીમારી વખતે એવું જ અનન્ય દુઃખ થાય છે. વૈદ્ય આગળ અત્યંત વ્યાકુલતાથી એ વિનવે છે કે, ગમે તેમ કરી મારૂં સૌભાગ્ય કાયમ રાખો. એ વ્યાકુલતા અને તાલાવેલીનું વર્ણન શબ્દોથી થઈ શકે તેમ નથી. એ તો જેણે અનુભવ્યું હોય તે જ જાણે. કહેવાની તો એને પણ શક્તિ નથી હોતી એ પોતાની મુખાકૃતિ, હૃદયનું સ્પંદન, આંખમાંથી ઝરતું પાણી અને એવી ઉદાસીન અવસ્થા ઉપરથી જ અન્યને કલ્પના કરવાનું સાધન પુરૂં પાડી શકે. એ અનુભવગમ્ય અને શબ્દાતીત અવસ્થા હોય છે. આપણામાંના ઘણાઓ ઉપર એવી જાતના સંકટ પ્રસંગે અનુભવ થયો હોય તેની યાદ કરી લેવી એટલું જ આપણા માટે પરિમિત છે. એથી આપણને તાલાવેલી કે વ્યાકુળતાનો અર્થ કાંઈક સમજી શકાશે.

કોઈપણ કાર્યમાં જ્યારે આવી આતુરતા જન્મે છે ત્યારે જો કોઈ નિયંત્રિત કર્મનો ઉદય ન હોય તો ગમે ત્યાંથી અણધારી મદદ આવી મળે છે. અને કાર્યસિદ્ધિ થાય છે. આ પ્રભાવ પ્રબલ વિચારસમુચ્ચય ( Thought forms )નો હોય છે. જેટલા પ્રમાણમાં એ વિચાર સમુચ્ચય તીવ્ર કે નબળો હોય છે તે પ્રમાણમાં જ તેની પ્રતિક્રિયા હોય છે. તેમાં તરતમ ભાવ જ પોતાનું કામ કરે છે. એકાદ મિત્રનો ઘણા દિવસમાં પત્ર કે સંદેશ ન મળ્યો હોય અને આપણા મનમાં તેની આકાંક્ષા જાગે છે. અને આપણે આતુરતા પૂર્વક તેને પત્ર લખીએ છીએ તે જ વખતે આપણી તીવ્ર લાગણી અને આતુરતાને લીધે આપણા મિત્રનાં મનમાં સરખી જ ભાવના જાગે છે. અને અરસપરસના પત્રો સામસામાં પ્રવાસ કરી આપણને અને મિત્રને એકી સાથે મળે છે. એ ઉપરથી સિદ્ધ થાય છે કે, વિચારો પણ આકૃતિ ધારણ કરે છે અને આપેલા વેગ મુજબ પ્રવાસ પણ કરી શકે છે. એ ઉપરથી સિદ્ધ થાય છે કે, આપણે ઉચ્ચરેલા શબ્દો ઉચ્-

For Private And Personal Use Only

Shri Mahavir Jain Aradhana Kendra www.kobatirth.org Acharya Shri Kailassagarsuri Gyanmandir



રંતાની સાથે ચૌદરાજલોક સુધી પહોંચી જાય છે, એ જૈન સિદ્ધાંતોની કલ્પના બરોબર છે. શબ્દો ઉચરેલા હોય અને તે મનઃપૂર્વક ઉચરેલા હોય તો તેની અસર સારી રીતે થયા વગર રહેતી નથી. જેમ શબ્દોના ઉચ્ચારનું પરિણામ થાય છે, તેમજ નહીં ઉચરેલા પણ મનમાં સંકલ્પ સાથે ઉચરેલા શબ્દો પણ ચૌદરાજલોકમાં ફરી વળેલા હોય છે. તેમાં મનઃપૂર્વકતા, તાલાવેલી અને આકુળતા હોય તો ધારેલુ કાર્ય જરૂર ફળીભૂત થાય એમાં શંકા નથી. માટે જ દરેક ધર્મમાં મંત્ર જાપનું મહત્ત્વ આંકવાનું કહેલું છે. મંત્ર જો શુદ્ધ વિધિ પૂર્વક, શુદ્ધ ઉચ્ચાર સાથે અંતઃકરણની ઉત્સુકતા અને વ્યાકુળતા પૂર્વક દૃઢ વિશ્વાસ સાથે ઉચરવામાં આવે તો તેનું ફળ ન મળે એમ બને જ નહીં. ફક્ત પોપટિયા ઉચ્ચાર કરી સારૂં અને પુરૂં ફળ મેળવવાની ઈચ્છા રાખવામાં આવે તો એ ઈચ્છા નિષ્ફળ જ નિવડે એમાં પણ શંકાને સ્થાન નથી. માટે જ કોઈ ભલુ કામ કરવું હોય તો તે ઉઘાડી આંખે મન વચન અને કાયાનો યોગ અને આસ્થા પૂર્વક કરવું જોઇએ. એમાં ફળની આકાંક્ષાનો મેલ જરા પણ હોવો નહીં જોઈએ. ભલું કામ એ કર્તવ્ય દૃષ્ટિથી જ કરવું ઉચિત છે. એનું ફળ મળે તે માટે પ્રયત્નની જરૂર નથી હોતી.

આપણે જે જે ધર્મ ક્રિયાઓ કરીએ છીએ તેમાં આપણી તાલાવેલી, આતુરતા અને વ્યાકુળતા કેટલી છે એનો આપણે વિચાર સરખો પણ કરતા નથી. ફક્ત રૂઢી પરંપરાને અનુસરી શુન્ય હૃદયે તે કરે જઈએ છીએ. પ્રભુપૂજા કરતા આપણું હૃદય ભરાઈ આવે છે શું? આપણા મનમાં વ્યાકુળતા જાગે છે શું? ત્રિભુવનના નાથ મારા દેવાધિદેવ મને મળ્યા એવી ભાવનાથી આપણા રોમેરોમમાં સ્ફુરણા જાગી છે શું? આપણા હૃદયમાં પરમાનંદ જાગી આપણી આંખમાંથી આનંદના આંસુ સરી પડ્યા છે શું? પ્રભુના નયન કમલોમાં હું સમાઇ ગયો છું અને આજુબાજુનું કાંઇ પણ દેખાતું નથી એવી આપણી અવસ્થા થઇ છે શું? આમાંનો એક પણ અનુભવ થયો હોય તો આપણા મનને પૂછી જુઓ. અને જવાબ હકારમાં મળે છે કે નકારમાં તેનો વિચાર કરો.

જો આપણો જવાબ નકારમાં જ આવે તો આપણે સમજી લેવાનું કે હજુ આપણી ભક્તિએ તાલાવેલી ધારણા કરી લીધેલી નથી. અને આપણે હજુ ભક્ત એ પદવી લેવા માટે લાયક બન્યા નથી. અને આપણે ભક્તિના ગમે તેવા દેખાવો કરીએ તો પણ આપણામાં હજુ ઘણી મોટી ખામી વિદ્યમાન છે. તેથી જ આપણી ભક્તિ નિષ્ફળ નિવડે તો તેમાં આશ્ચર્ય માનવાને કાંઈજ કારણ નથી. જગતમાં જે જે ભક્તો થયા તેઓ બધા જ પોતાને અને પોતાના સ્વાર્થને ભૂલી જ ગએલા હતા. અને એમને ભકિતની ધૂન લાગી ગએલી હતી. તેમની દૃષ્ટિ આગળ પ્રભુની મૂર્તિ સિવાય બીજુ કાંઇ જણાતુ હતું જ નહી. જેમ કોઈ વ્યસની માણસને પોતાના વ્યસનની વસ્તુ સિવાય બીજુ કાંઇ જણાતુ જ નથી, એ પોતાના વ્યસનની પુર્તિ આગળ ગાંડોતુર બની જાય છે, અને કહો કે, એની ચર્મચક્ષુ બંધ થઈ જાય છે અને એને પોતાની પ્રિય વસ્તુ એકલીજ તરવરી રહે છે. તેવી જ સ્થિતિ સાચા ભક્તિની બને છે. ત્યારે જ તે સાચો ભક્ત બને છે. એની આતુરતા, તાલાવેલી અને વ્યાકુળાતા એજ સાચી ભક્તિના લક્ષણો બની જાય છે. એજ જગતમાં સ્તુતિપાત્ર અને વંદનીય ગણાય છે. એ સ્થિતિએ કોઈ વિરલા જ પહોંચી શકે છે એને અમારા શતશઃ વંદન હો!

એવી જાતની વ્યાકુળતા બધાઓના ભાગ્યમાં હોય એ વસ્તુ અશક્યપ્રાય છે તો-પણ એ દૃષ્ટિએ અને એવી સ્થિતિ પ્રાપ્ત કરવાની આપણે ઈચ્છા અને આકાંક્ષા તો અવશ્ય જાગવી જ જોઈ એ તોજ આપણે માનવ ભવનો લાભ થયો ગણાય. વ્યસની માણસને કોઇ એક દિવસ ઉગે છે અને વ્યસન વળગી પડે છે એમ થતું નથી. વ્યસન તો પાછલા બારણેથી પેશે છે. જ્યારે એની શરૂઆત થાય છે ત્યારે એ આપણને વળગી રહ્યું છે અને આપણા અંગભૂત થઇ આપણો કબજો એ

For Private And Personal Use Only

લેઈ લેશે એવી કલ્પના સરખી પણ આપણુને હોતી નથી. એવી જ રીતે પ્રભુભક્તિની આતુરતા અને તાલાવેલી પ્રાપ્ત કરવામાટે આપણે સતત પ્રયત્નશીલ રહેવું જોઈએ એ. બેસતા ને ઉઠતા, અને ફરતા, ઘરમાં ને બાહાર, જમતા, ખાતા, ઉંઘતા ને જાગતા, વેપારમાં ને નવરાશમાં આપણે પ્રભુનું સ્મરણ કરતા શીખવુ જોઈએ. એમ બાહાર અને અંતરંગમાં પ્રભુનું સ્મરણુમાત્ર થતુ રહે તો કાલાંતરે એ એક જાતનું વ્યસનરૂપ બની જશે. અને અનુક્રમે એ ભક્તિનું કાર્ય આપણા અંગભૂત એક અનિવાર્ય કાર્ય જેવું બની જશે. પણ એ બધું સમજણપૂર્વક આપણે પ્રારંભ કરીએ ત્યારેજ શક્ય બને તેમ છે. જે સંત મહાત્મા ભક્ત તરીકે વખણાયા છે તેમની એ સાધના ઘણા વર્ષોની હોય છે. એટલે જ નહીં પણ એ ઘણા ભવોની સાધના હોય છે. એ ભુલવું નહીં જોઈએ, તેથી જ જો એવી સ્થિતિ આપણી થાય એવી ઈચ્છા હોય તો તેનો પ્રારંભ અત્યારે અને આ ઘડીએ જ કરી દેવો જોઈએ.

આપણામાના ઘણા ભાઈઓ અને બ્હેનો નિત્ય પ્રભુદર્શન, પૂજન અને સામાયક પ્રતિક્રમણ વિગેરે ધાર્મિક આવશ્યક ક્રિયાઓ અને અનુષ્ઠાનો કરતા હશે. પણ એ કરતી વેળા આપે શરીર શુદ્ધિ તો રાખી હશે જ પણ સાથે ચિત્તશુદ્ધિ કેટલા પ્રમાણુમાં રાખી એનો જરા મન સાથે શાંતિપૂર્વક વિચાર કરી જોશો તો આપણુને આપણી સાચી સ્થિતિનો કાંઈક ખ્યાલ આવી જશે. સામાયકની પ્રતિજ્ઞામાં આપે 'મણેણું વાયાએ કાયેણું ' કરીશ નહીં કરાવીશ નહીં કરતાને અનુમોદન આપીશ નહીં એવી પ્રતિજ્ઞા કીધેલી હોય છે. ત્યારે એ પ્રતિજ્ઞાનું પાલન આપ બરાબર રીતે કરો છો કે? એનો વિચાર અવશ્ય કરો, એટલે આપણુને ભાન થશે કે, આપણી એ અમૃત જેવી યોગની ક્રિયા કેવળ બાહ્ય અને વિષમિશ્રિત જ હતી. એમાં અંતઃકરણુની પૂર્તિ અને વ્રતનું પાલન તો નામનું જ હતું અને એમ જ થતું હોય તો તેનું ફળ શું મળે એનો આપણે વિચાર કરવો જોઈએ. જ્યારે કેટલાએક ધર્મ ભોળાલોકો દોઢસો બસો કે હજાર બે હજાર સામાયકો કર્યાની વાત કરે છે ત્યારે એમની પામરતાનો ખ્યાલ આવ્યા વગર રહેતો નથી. એ તો એકાદ બાલવિદ્યાર્થી ભણુતા અંકોની સંખ્યા અર્થહીન રીતે ગણે છે તેવો એ પ્રકાર જણાય છે. એને એ સંખ્યાની મેળવણી ફક્ત સ્લેટ ઉપર કરવાની હોય છે. પ્રત્યક્ષ રકમની એને જરૂર હોતી નથી, એવી રીતની આ સામાયકો ગણવાનો ફર્સ આપણે ભજવીએ છીએ. એટલા માટે જ પુણિયા શ્રાવકની સામાયકનું મૂલ્યાંકન શાસ્ત્રના પાને ચઢયું છે. એવી એકાગ્રતા, મનનીશુદ્ધિ, આતુરતા, પ્રેમ અને સાચી ભક્તિ કેળવવાની જરૂર અમોને લાગે છે. ભલે મોડું થયું હોય, આપણે હજુ વિચાર નહીં કર્યો હોય તો પણ શુભ કામ કરવા માટે મુરત જોતા બેસી રહેવાની જરૂર નથી. આપણે તો જાગ્યા ત્યાંથી સવાર ગણીને એવી વ્યાકુળતા અને શુદ્ધ ક્રિયાની શુભ શરૂઆત કરી જ દેવી જોઈએ. બધાઓને એ શુદ્ધ ધર્મની આતુરતા જાગે એવી શુભ ભાવનાથી વિરમીએ છીએ.

## શોકજનક સ્વર્ગારોહણ

અમોને જણાવતાં અતિશય દિલગીરી થાય છે કે જૈન શાસનના મહાન સ્થંભ ધર્મધુરંધર જૈનરત્ન વ્યાખ્યાન વાચસ્પતિ કવિકુળ કિરીટ પૂ-પાદ આચાર્યદેવ શ્રીમદ્ વિજય લબ્ધિસૂરીશ્વરજી મહારાજશ્રી મુંબઇ લાલબાગ–જૈનઉપાશ્રય ખાતે શ્રાવણ સુદિ પંચમીના પાછલી રાત્રે ૪–૪૦ કલાકે સ્વર્ગ વાસી થયા છે પૂજ્ય આચાર્યશ્રીની સ્મશાન યાત્રામાં મુંબઈના નગર પતિ સહિત અગ્રગણ્ય જૈન જૈનેતર આગેવાન નાગરિકો વિશાળ માનવમેદની સામેલ થઇ હતી **પૂ. આચાર્યદેવશ્રીના પુનિત આત્માને શ્રધ્ધાંજલિ અર્પીયે છીએ.**

Shri Mahavir Jain Aradhana Kendra www.kobatirth.org Acharya Shri Kailassagarsuri Gyanmandir

# કર્મબંધ અને પુરુષાર્થ

શ્રી ચુનીલાલ વર્ધમાન શાહ

માણસ પોતાનું ભવિષ્ય જાણવા અથવા વિધાતાએ પોતાના ભાગ્યમાં શું લખ્યું છે તે જાણવા બહુ આતુરતા દાખવતો હોય છે. કેટલાક માણસોની પોતાનું ભવિષ્ય જાણવા માટેની તાલાવેલી, દોડધામ અને વિહ્વળતા જોઇને એક બાજુ હસવું આવે છે અને બીજી બાજુએ તેમની દયા ઊપજે છે. એક યા બીજી વિદ્યા દ્વારા માણસનું ભવિષ્ય ભાખનારી તરેહવાર વ્યક્તિઓ આજકાલ જોવામાં આવે છે. તેઓએ ભાખેલાં ભવિષ્યોમાંના કોઈ અર્ધસાચાં તો ઘણાં તદ્દન ખોટાં પડયાં હોવાનો અનુભવ મેળવી ચૂકેલા માણસો પણ ભવિષ્ય ભાખનારાઓનો પીછો છોડતા નથી. ઊલટું; ભવિષ્ય જાણવા મથનારા વધ્યા છે અને ભવિષ્ય ભાખનારા પણ વધ્યા છે.

લોકોના મનમાં એવી છાપ બેઠેલી હોઈ કે માણસના ભાગ્યમાં જે કાંઈ લખાયું હોય છે અથવા પોતાની ઉપર આકાશમાંના જે ગ્રહોની નજર પડતી હોય છે તેમની અનુકૂળતા-પ્રતિકૂળતા ઉપર માણસના સુખ-દુઃખનો આધાર હોય છે. ભવિષ્ય જાણવાની તાલાવેલીની પાછળ ખરી રીતે તો સુખ-પ્રાપ્તિની કે દુઃખના નાશની આશા જ રહેલી હોય છે. જો ભાગ્યદેવી વિપરીત હોય કે ગ્રહો પ્રતિકૂળ હોય તો તેમને પોતાના પક્ષમાં લાવવા જે કાંઇ કરવાનું તેમને કહેવામાં આવે તે કરવા પાછળ પોતાની શક્તિ અને ધનનો વ્યય કરવા તેઓ તૈયાર હોય છે. આ માન્યતાને આધારે લોકો એવા ભ્રમો સેવે છે, એવા અજ્ઞાનમાં આથડે છે, એવા પ્રયોગ-ઉપાસના-અનુષ્ઠાનોમાં ધન-શક્તિનો વ્યય કરે છે કે તે જોઇને ભવિષ્ય કહેનારી જ્યોતિષાદિ વિદ્યાઓ ઉપર પણ ગુસ્સો આવે છે. એ જ સ્થિતિ ઈશ્વરવાદીઓ અને કર્મવાદીઓમાં પણ પ્રવર્તતી હોય છે. માણસના સુખ-દુઃખનો આધાર ઈશ્વરની ઈચ્છા પર નિર્ભર છે એમ માનનારાઓ અને આત્માએ જે કર્મ બાંધ્યા હશે તેવાં જ ફળ તેને મળવાનાં છે, એવી એકાંત શ્રદ્ધાવાળાઓ પણ ઘણી વાર આડે માર્ગે દોરવાઈને ભાગ્યવાદીઓના જેવી જ અર્થ વિનાની અથડામણો ભોગવતા હોય છે.

## સુખ-દુઃખના કારણની શોધ

કારણ વિના કોઈ કાર્ય નીપજતું નથી. માણસના સુખ-દુઃખની પાછળ તે નિપજાવનારું કારણ હોય છે. એ કારણ શોધવું તે માણસનું કર્તવ્ય છે. એ કારણ શોધવાથી જ તેનું નિવારણ કરી શકાય તેમ હોય છે અને એ રીતે દુઃખથી મુક્ત થવાનો સંભવ હોય છે તથા સુખના કાળને લંબાવવાની શક્યતા રહેલી હોય છે. સૌ જાણે છે કે કુપથ્ય ખાનાર કે ભારે ને વધારે ખોરાક લેનાર માંદો પડે છે. માંદગી આવતાં તેનું કારણ શોધી ને ફરી ખોરાક વિષેની ભૂલ નહિ કરવાની ચેતવણી મળી જાય છે, જેથી માંદગીનું દુઃખ તેનાથી દૂર રહે. મિતાહારી માણસ આરોગ્યનું કારણ સમજતો હોય છે એટલે તેને માંદા પડવાનો ભય ભાગ્યે જ લાગે છે. એ રીતે જીવનનાં બધા પ્રકારનાં સુખ-દુઃખના અનુભવોનાં કારણો શોધીએ અને તેનાં ધારણ-નિવારણ કરીએ તો જીવનની ઘણી સામાન્ય ફરિયાદો દૂર થઇ જાય. જેમ આરોગ્યનું કહ્યું, તેમ ધંધાનું, નોકરીનું, હુન્નર-કારીગરી ઈત્યાદિનું પણ સમજવું. તેમાં સફળતાનાં પણ કારણો હોય છે.

પણ કેટલીક વાર માણસ ગૂંચવણમાં પડે છે. તે કોઇ વાર જુએ છે કે પોતાનો પાડોશી અમિતાહારી અને ખાઉધરો છે, છતાં તે કોઇવાર માંદો

For Private And Personal Use Only

પડતો નથી અને પોતે સંભાળી સંભાળીને ખાય છે છતાં વારંવાર માંદો પડે છે! એ જ રીતે એક દુકાનદાર જુએ છે કે પોતાની બાજુનો દુકાનદાર વધારે વકરો કરે છે અને પોતાની દુકાને ઓછો વકરો થાય છે; બેઉની દુકાનમાં માલ સરખો છે, બેઉ સરખે ભાવે માલ વેચે છે, છતાં આમ કેમ? આવું કાંઈક બને છે ત્યારે ઘણી વાર માણસ તપાસ કર્યા વિના અને દુકાનદાર વસ્તુસ્થિતિનો અભ્યાસ કર્યા વિના એકદમ માની લે છે, કે આ તો ભાગ્યની વાત છે. અથવા તો એવી જ ઇશ્વરેચ્છા હશે, કિંવા એકના પૂર્વભવનાં પાપ અને બીજાના પૂર્વભવનાં પુણ્ય—એવો એ કર્મબંધનો પ્રભાવ હશે. આ બેઉ સ્થિતિમાં જે કારણોની અસર થતી હોય તે કારણો શોધવા જોઇએ. પરંતુ તેમ કરવામાં આવતું નથી અને કદાચ ઉપરછલ્લી શોધ—તપાસ કોઇ કરે, પણ ઊંડાણમાં ઊતરવાની કોઇ તકલીફ લેતું નથી; ઝટ લઇને પોતાની જાતને નિર્દોષ માની લઇ ભાગ્ય—ઇશ્વર—કે કર્મબંધ ઉપર દોષનો ટોપલો ઓઢાડે છે. આ અજ્ઞાન કહેવાય. આ અજ્ઞાનથી નીપજતા અનર્થોનો માણસની જિંદગીમાં પાર રહેતો નથી. એ અજ્ઞાને માણસનાં દુઃખો વધાર્યાં છે, લોકોને અંધકારમાં અથડાવ્યા છે, જંગલી પશુ સમા બનાવ્યા છે અને માણસાઇ મુકાવી દીધી છે. શારીરિક, માનસિક અને ઘણી વાર કાલ્પનિક દુઃખો મટાડવાને અથવા સુખો મેળવવાને જાપ—બલિદાન—અનુષ્ઠાન—મંત્રપ્રયોગ—હોમહવન અને બાધા—આખડી વગેરે કરવામાં આવે છે તે મોટા ભાગે અજ્ઞાન—મુલક જ હોય છે. આ બધું અભણ, ગામડિયા કે સમાજના નીચલા થરના માણસોથી થતું હોત તો તેમના અજ્ઞાન માટે દયા આવત. દરેક માણસ કંઇ પરમ બુદ્ધિમાન ન હોઇ શકે. પરંતુ ભણેલાઓ, શહેરીઓ અને કેટલાક બુદ્ધિમાનમાં ખપતા માણસો પણ એ ભૂલમાં પડેલા જોવામાં આવે છે. બુદ્ધિમાન નાગરિકો અને ધર્મગુરુઓ તેઓને સાચી સલાહ આપી શકે તેમ હોય છે. એવી સમજ મેળવનાર રોગી સમજી શકે છે કે પોતાના પાડોશીને જે ખોરાક પચે અને પોતાને ન પચે, તેમાં ભાગ્યનો, ઇશ્વરનો કે કર્મબંધનો પ્રભાવ નથી પણ પોતપોતાની પ્રકૃતિનો પ્રભાવ છે, એ જ રીતે સરખો ધંધો કરતા દુકાનદારોમાંના એકના વિનય—સૌજન્યથી ઘરાકો વધારે આકર્ષાતા હોય, બીજાનું એવું વ્યકિતગત આકર્ષણ ન હોય તો ઘરાકી વધારેઓછી થાય; એમાં ભાગ્યની કે પાપ—પુણ્યની કશી અસર હોતી નથી. કારણ ઉપર દૃષ્ટિ થયા પછી તેનું નિવારણ કરવું એ માણસના પોતાના હાથની વાત હોય છે.

## 'અકસ્માત'માંની ભુલભરી માન્યતા

કેટલાક બુદ્ધિમાન માણસો પણ અમુક બનાવ કે અમુક પરિસ્થિતિને એકદમ અકસ્માત કહી નાખે છે, ત્યારે આશ્ચર્ય થાય છે. કોઈ કાર્યનું કારણ શોધતા માણસોની બુદ્ધિ થાકે અને કારણ હાથ લાગે નહિ ત્યારે તેને અકસ્માત માનવા પ્રેરાય છે, 'અ—કસ્માત એટલે કયા કારણથી કાર્ય કે બનાવનો જન્મ થયો તે માલુમ પડે નહિ તે, અકસ્માત વિષેની આ માન્યતા અને ભાગ્ય—ઈશ્વર—કર્મના પ્રભાવની માન્યતા અમુક હદ સુધી એકસરખી બિનજવાબદાર માન્યતાઓ છે. કયા કારણમાંથી કાર્ય નીપજ્યું તે શોધને પાત્ર વસ્તું છે; પોતે તે શોધી શકતો ન હોય તો તેણે કોઈ તજજ્ઞ પાસેથી માહિતી કે સમજ મેળવવી જોઇએ, પરંતુ તેવું કશું ન કરતાં થાકે કે કંટાળાથી દોરવાઇને 'અકસ્માત'નો નિર્ણય આપવો એ અજુગતું છે. મોટરની હડફેટમાં માણસ આવી ગયો, કે પાણી ઓળંગતા માણસ ડૂબી ગયો, કિંવાં ઓપરેશનના ટેબલ પર દર્દી મરણ પામ્યો: તે બધા અકસ્માત મનાય છે, પરંતુ એવા ઘણાખરા બનાવો સાચા અકસ્માત હોતા નથી, તેનાં કારણો હોય છે, પણ તે શોધવાની કાં તો આપણામાં આવડત નથી અથવા આપણાંમાં શક્તિ નથી અથવા ધીરજ હોતી નથી. મોટરની હડફેટમાં આવી જનાર માણસ મોટરની ગતિનું માપ જાણ્યા વિના રસ્તો ઓળંગવા જાય અને જરુરી ઝડપ ન વાપરે તો હડફેટમાં આવી જ જાય, એ અકસ્માત કેવી રીતે? વસ્તુતઃ રસ્તો ઓળંગનારની

Shri Mahavir Jain Aradhana Kendra www.kobatirth.org Acharya Shri Kailassagarsuri Gyanmandir



અને મોટર-ડ્રાઇવરની બ્રેક મારવાના સમય અંગેની ખોટી ગણતરીઓનું એ મિશ્ર પરિણામ હોય છે.

થોડા સમય પહેલાં અમદાવાદમાં રેલવે ક્રોસીંગ પાસે એક રાહદારી એન્જિનના બમ્પરની હડફેટમાં આવી જતાં મૃત્યું પામ્યો હતો. તે માણસ ટ્રેન આવતી હતી ત્યારે રેલ્વેના પાટાથી થોડે આઘે ઉભો રહ્યો હતો, ટ્રેન પોતાને અડયા વિના પસાર થઇ જશે એવી તેની ગણતરી હતી, પરંતુ ટ્રેનના ડબ્બાની પહોળાઇની તેની ગણતરી ખોટી હતી; અથવા ડબા કરતાં એન્જિનના મોખરે આવેલા બમ્પરની પહોળાઇ થોડી વધુ હોય છે તેની તેને સમજ નહોતી. પરિણામે તેનું મૃત્યું થયું.

ઓપરેશન ટેબલ પર મૃત્યુ પામતા દર્દીના સંબંધમાં પણ દર્દ અંગેની, પ્રકૃતિ અંગેની, તેની શક્તિના ટકાવ અંગેની કે કોઇ ટેકનિકલ ગેરસમજ કિંવા ગણતરીની ભૂલ જવાબદાર હોય છે, જે સામાન્ય માણસ સમજી શકતો નથી પણ તજજ્ઞો સમજતા હોય છે. આવા બનાવોમાં મૃત્યુ નહિ પણ ખૂનો યે થઇ જતાં હોય છે. એવા માણસની જિંદગી કેટલી લાંબી હતી તે ભલે ન જાણી શકાય તેવી વાત હોય, પણ મૃત્યુનું કારણ તો શોધી સ્પષ્ટ કરી શકાય તેવું હોવા છતાં અકસ્માતની માન્યતા ભાગ્ય, ઇશ્વરેચ્છા કે કર્મબંધને વચ્ચે લાવવા તે બુદ્ધિની જડતા છે. એ અજ્ઞાન માણસને ખૂબ પચી ગયું છે. લોહીમાં પેસી ગયું છે અને એથી જ તે કોઇ બનાવનું કારણ શોધવાની તકલીફ ન લેતાં એકદમ ભાગ્ય, ઇશ્વરેચ્છા કે કર્મબંધની કલ્પના પાસે દોડી જાય છે. આ રીતે પોષાતું રહેલું અજ્ઞાન માણસને હીનપુરુષાર્થી, નિષ્ક્રિય કિંવા કર્તવ્યથી પરાવૃત્ત-વિમુખ બનાવી મૂકે છે. એ જ અજ્ઞાન તેને માણસ મિટાવી હેવાન બનાવી શકે છે

## ગત ભવના કર્મબંધ પર દોષારોપણ

ભણેલા-ગણેલા માણસો માને છે ખરા, કે કારણ વિના કાર્ય નીપજતું નથી, પણ જ્યારે માણસના સુખ કે દુઃખનું કોઇ દ્રશ્ય કારણ માલુમ ન પડે ત્યારે અદ્રશ્ય કારણ તો હોવું જ જોઇએ. અને તે પૂર્વભવનું સારું કે માઠું કર્મબંધન જ હોય એવો નિર્ણય કરી લે છે. પૂર્વભવના કર્મબંધની આ વાતની પાછળ એટલી બધી ગેરસમજ કે અજ્ઞાન વ્યાપેલાં છે. કે તેથી માણસો દંભી, પ્રમાદી અને પુરુષાર્થહીન બની ગયા છે. પોતાની ભૂલો, પોતાનાં દુષણો, આળસ અને પોતાના અનૈતિક કાર્યોના દોષનો ટોપલો પણ તેઓ પૂર્વભવનાં કર્મો ઉપર ઓઢાડતા બની ગયા છે.

અમુક સ્ત્રી કે પુરુષ લાંબા વખતથી રોગથી પીડાતો હોય, કોઈ કુટુંબ ધનવાનમાંથી ધનહીન બની ગયું હોય, કોઇ પ્રદેશમાં ઓછો વરસાદ પડયો હોય, ધરતીકંપ થયો હોય કે રેલનું સંકટ આવ્યું હોય, તો તુરત કેટલાક સમજુ માણસો અને મુખ્યત્વે કર્મવાદી જૈનો કહી નાખશે કે જેવાં જેનાં કર્મ ! એમાં પોતે જાણે કશું કરવાનું ન હોય; પોતા પર જરાયે જવાબદારી આવતી ન હોય, અરે પોતે એ સ્થિતિ માટે લગારે વિચારવા થોભવાનું પણ ન હોય તેવું તે કહેશે. કર્મબંધન, પ્રારબ્ધ કે સંચિત કર્મ અંગેની માન્યતામાં એટલાં અજ્ઞાન અને જડતા ભરેલાં છે કે કોઈ જ્ઞાની મનાતો માણસ કાંઇ ખોટું કે અનૈતિક કામ કરે છે ત્યારે લોકો તેના ગતભવે બંધાયેલાં કર્મનો દોષ કાઢવા મંડી જાય છે ! "જ્ઞાનીને પણ બાંધેલા કર્મ ભોગવ્યા વિના છૂટકો થતો નથી" એમ કહી તેના પ્રગટ પાપ ઉપર અદ્રષ્ય એવા ગત ભવે બાંધેલાં કાલ્પનિક કર્મનું રુપાળું અસ્તર ચડાવે છે ! સાચા પાપી, દોષી, પ્રમાદી અને અજ્ઞાની માણસનો જાણે સમાજમાં બચાવ કરવામાં ધર્મ રહેલો હોય એમ માની લોકો તેના દોષ શોધવાને બદલે તેના ગતભવના કર્મબંધનને કારણ તરીખે ઓળખાવે છે !

જ્યાં ભય સંકટનું કારણ સહેલાઇથી શોધી કે સમજી શકાય તેમ હોય, એટલું જ નહિ પણ એ કારણનું પ્રયત્ન વડે નિવારણ પણ કરી શકાય તેમ હોય, ત્યાંય પૂર્વભવના કર્મબંધનો હથોડો માણસની સાંસારિક, માનસિક કે આધ્યાત્મિક શુદ્ધિનું દેવાળું કાઢનારો બને છે. વિના વિચારે કર્મબંધનનો જાપ જપનારાઓનું અજ્ઞાન ધર્મગુરુઓ ટાળશે નહિ, ત્યાં સુધી સમાજની મનોદશા વધુ ને વધુ સડ્યા કરવાની છે.

('જૈન પ્રકાશ' માંથી સાભાર)

For Private And Personal Use Only

Shri Mahavir Jain Aradhana Kendra www.kobatirth.org Acharya Shri Kailassagarsuri Gyanmandir



# દીવાળી પર્વનું મહત્વ અને રિદ્ધિસિદ્ધિ

મુનિરાજ શ્રી લક્ષ્મીસાગરજી મહારાજ ( ચૂડા )

દિવાળી પર્વના દિવસોમાં ભગવાન મહાવીર પ્રભુના આદેશ—ઉપદેશને ધ્યાનમાં રાખી જ્ઞાન—દર્શન–ચારિત્રની આરાધનાના ચોપડાનું આપણે સહુ શારદાપૂજન કરીએ અને જીવન ધન્ય બનાવીએ.

લૌકિકદષ્ટિએ દીવાળીપર્વની પ્રવૃત્તિ માટે જુદા જુદા અનેક હેતુઓ પ્રસિદ્ધ છે, પરંતુ લોકોત્તરદષ્ટિએ જૈનદર્શનના મંતવ્ય પ્રમાણે દિવાળીપર્વના પ્રવર્તનનું મુખ્ય કારણ શ્રમણ ભગવાન મહાવીર પ્રભુનું નિર્વાણ છે.

દિવાળી દિવસે ચોપડા પૂજનની શરૂઆત કરતાં જૈન વેપારીભાઈઓ ગૌતમસ્વામીની લબ્ધિ, શાલિભદ્રની રિદ્ધિ, અભયકુમારની બુદ્ધિ અને કયવન્ના શેઠના સૌભાગ્ય માટેની માગણી કરે છે. આ માગણી તો ઉત્તમ પ્રકારની છે. વસ્તુની પ્રાપ્તિ માટે માત્ર ઈચ્છાની નહીં પણ સાથોસાથ ઉપાસનાની પણ આવશ્યકતા છે.

ગૌતમસ્વામીએ અનેક લબ્ધિઓ પ્રાપ્ત કરી હતી. પણ તેની પાછળ મહાન તપની આરાધના હતી. તપ કર્યા સિવાય ચોપડામાં ગૌતમસ્વામીની લબ્ધિ પ્રાપ્ત થજો એમ લખવાથી લબ્ધિઓ પ્રાપ્ત થતી નથી. જેને લબ્ધિ જોઈએ તેણે તપ કરવું જ રહ્યું આવા શુદ્ધ તપની સાથો સાથ સ્વસ્થતા, પ્રસન્નતા અને વિશુદ્ધતા આપોઆપ આવતાં જ જાય છે. આવા તપસ્વીઓ માગે કે ન માગે તો પણ લબ્ધિઓ તેને મળે જ છે.

શાલિભદ્રની રિદ્ધિના મૂળમાં તેની દાનવૃત્તિ કારણભૂત હતી. પૂર્વજન્મમાં જ્ઞાન અને સંસ્કાર ન હોવા છતાં, માતા પાસે રડીરડીને ખાવા માટે તૈયાર કરાવેલી ખીર, જરાએ આંચકો ખાધા સિવાય મુનિરાજના પાત્રામાં ઉલ્લાસ અને ભાવપૂર્વક વહોરાવી દીધી હતી. શાલિભદ્રે રિદ્ધિ–સિદ્ધિ મેળવવા અર્થે આ ક્રિયા ન કરી હતી પણ નિર્મમતા અને ભક્તિભાવે આ કાર્ય કર્યું હતું. જેના ફળરૂપે રિદ્ધિ ન ઇચ્છી હોવા છતાં બીજા જન્મમાં તેને તે પ્રાપ્ત થઈ હતી.

અભયકુમારની બુદ્ધિના મૂળમાં તેની પિતૃભક્તિ મુખ્ય કારણરૂપે હતી. જન્મથી જ વિરક્ત હોવા છતાં તેના પિતા શ્રેણિક પ્રત્યે તેની ભક્તિ અને ભાવ અનન્ય હતાં. સંયમી, તપસ્વી અને વિરાગી હોવા છતાં અભયકુમારે પોતાના પિતાની કોઈપણ ઇચ્છાને અતૃપ્ત રહેવા દીધી ન હતી. રામની દશરથ પ્રત્યેની ભક્તિ અતે ભીષ્મ પિતામહના મહાન ત્યાગ કરતાં પણ અભયકુમારની પિતા માટેની નિર્મળ કર્તવ્ય બુદ્ધિ વધારે પ્રશંસાપાત્ર છે.

કયવન્ના શેઠના સૌભાગ્યની માગણી કરનારાઓમાંથી ઘણા વેપારી ભાઈઓને તેમના જીવનની માહિતી પણ નહીં હોય. રાજગૃહમાં ધનેશ્વર નામના શેઠને ત્યાં પુત્રનો જન્મ થયો. અને તેનું નામ કૃતપુણ્યક પાડયું. પુણ્ય કરીને, પુણ્ય ભોગવતાં જ બાળક જન્મ્યો. એટલે તેનું કૃતપુણ્યક નામ યથાર્થ જ હતું. જન્મથી જ નિર્વિકારી અને નિષ્પાપી એકનો એક પુત્ર હોવાથી, માતા–પિતાને તે સાધુઓના સંગાથમાં રહે એ ન રુચ્યું ભૌતિક સુખો અને વૈભવથી દૂર નાસતાં હોવા છતાં ભોગાવલી કર્મો તો ભોગવ્યે જ છૂટકો. પિતાએ પુત્રને વૈભવ અને વિલાસના માર્ગે દોરાવવા વેશ્યાની સોબત કરાવી. ધનનો નાશ થતાં

For Private And Personal Use Only

Shri Mahavir Jain Aradhana Kendra www.kobatirth.org Acharya Shri Kailassagarsuri Gyanmandir




વેશ્યાની પ્રીતિનો પણ અંત આવ્યો. પૂર્વજન્મના કર્મોદયના કારણે કૃતપુણ્યકને ધનાશેઠના મૃત્યુ પામેલા પુત્ર જિનદત્ત શેઠની સંતાન વિહીન ચાર પત્નીઓના પતિદેવ તરીકે રહેવાનું થયું. બારવર્ષના ગૃહસંસારનાં અંતે ચાર પુત્રોનો પિતા થયો. પછી તો શ્રેણિક રાજાનું અર્ધું રાજ મળ્યું અને તેની પુત્રી મનોરમા સાથે લગ્ન પણ કર્યા. પોતાના પૂર્વજન્મની હકીકત અને સંસારની વિચિત્રતાનું સ્વરૂપ ભગવાન મહાવીર પાસેથી સમજી કૃતપુણ્યક શેઠે બધું છોડી ત્યાગના પંથે પડી દીક્ષા લીધી. આ કૃતપુણ્યક શેઠ તેજ ચોપડામાં લખાતાં કયવન્ના શેઠનું સાચું નામ છે, એનું સૌભાગ્ય ઉત્તમ પ્રકારનું હતું, તેમાં શંકા નથી.

આ મહાન આત્માઓએ નીતિ, સદાચાર, શીલ અને ચારિત્રના માર્ગે બધી રિદ્ધિ–સિદ્ધિઓ પ્રાપ્ત કરી હતી. નીતિ, સદાચાર, શીલ અને ચારિત્રના માર્ગે જનાર માટે દયા, મૈત્રી, બંધુતા, વાત્સલ્યભાવ સત્યતા, પ્રમાણિક્તા, ઉદારતા, ક્ષમા, પરોપકાર વગેરે સદ્‌ગુણો કેળવવા જોઈએ. આવા મહાન આત્માઓએ જે રિદ્ધિ–સિદ્ધિ પ્રાપ્ત કરેલી. તેવી રિદ્ધિ–સિદ્ધિની માગણી કરતી વખતે તેમના અને આપણા જીવનલક્ષ સંબંધની અસમાનતાનો ખ્યાલ કરી, એમના અને આપણા જીવનલક્ષ્ય વચ્ચે કેવી અને કેટલી સુસંગતિ અને વિસંગતિ રહેલી છે તેનો આપણે વિવેકપૂર્વક વિચાર કરવો જોઈએ. ઇચ્છા અને અભિલાષા મુજબ વસ્તુઓની પ્રાપ્તિમાં સાચું સુખ નથી. પરંતુ સાચું સુખ તો ઈચ્છા અને અભિલાષાના અભાવમાં જ રહેલું છે.

મહાન લબ્ધિઓ, રિદ્ધિ–સિદ્ધિ અને સુખો મળ્યાં છતાં એમના અધિકારીઓએ એ બધામાં ન રાચતાં, તેને છોડી ત્યાગ સંયમનો માર્ગ સ્વીકાર્યો હતો, તે પણ આપણે યાદ રાખવું જોઈએ રિદ્ધિ–સિદ્ધિઓની ઇચ્છા હોવા છતાં અને તે માટે દરેક દિવાળીએ માગણી કરવા છતાં શા માટે હંમેશા આપણને દુઃખ, ચિંતા, ઉદ્વેગ અને વ્યાકુળતા અનુભવવા પડે છે? ચોપડાના સરવૈયામાંથી આ હકીકત ન સમજી શકાય. આપણી જીવન પદ્ધતિમાં જ દોષ છે. અને રિદ્ધિ–સિદ્ધિઓ મેળવવા માટે તો જીવન પદ્ધતિનું સરવૈયું કાઢવું જરૂરી છે. એ સરવૈયામાંથી આપણને ખાતરી થશે કે દુઃખ, ચિંતા, ઉદ્વેગ અને વ્યાકુળતા એ આપણા પોતાના જ દોષોનું પરિણામ છે.

આ રીતે ચોપડા પૂજનની સાથોસાથ આપણી જીવન પદ્ધતિનો વિચાર કરી તેનું પૃથક્કરણ કરવું પણ અત્યંત જરૂરી છે. અને જૈનશાસનની માન્યતા પ્રમાણે દિવાળીપર્વનું મહત્ત્વ સંક્ષેપમાં અહિં રજુ થયું છે. આ દિવાળીપર્વનાં દિવસોમાં ભગવાન મહાવીરના આદેશ–ઉપદેશો આપણે સહુ કોઈ વિચારીએ, જીવનના ગુણ દોષનું સરવૈયું કાઢીએ અને જ્ઞાન, દર્શન, ચારિત્રની આરાધના–ચોપડાનું શારદા પૂજન કરી જીવન ધન્ય બનાવીએ એજ મારી અને તમારા સર્વની શુભભાવના ૐ શાન્તિ.



For Private And Personal Use Only

Shri Mahavir Jain Aradhana Kendra www.kobatirth.org Acharya Shri Kailassagarsuri Gyanmandir

# અમેરિકન સાહિત્યકાર અર્નેસ્ટ હેમીંગ્વે:

## એક મિતાક્ષરી રસદર્શન

( પ્રો. જ. ભા. દવે. )

વિધિની કેવી વિચિત્રતા ? પાંચ મીનીટ પહેલાં એક માણુસ જીવતો છે અને ખૂબ તંદુરસ્ત છે. પાંચ મીનીટ પછી આપણે સાંભળીએ છીએ કે તે માણુસ અકસ્માતથી ગુજરી ગયો ! ખરેખર માણુસનું જીવન ક્ષણભંગુર છે તેનો આ સચોટ પુરાવો છે

અર્નેસ્ટ હેમીંગ્વે નું મરણ પણ એક અકસ્માતથી થયું ! તે પોતાની પિસ્તોલ સાફ કરતો હતો તેવામાં ઓચીંતો તેનો હાથ પીસ્તોલના ઘોડા ઉપર પડ્યો. ઘોડો દબાયો અને પીસ્તોલમાંથી ગોળી છૂટી, હેમીંગ્વેના માથાની આરપાર નીકળી ગઈ અને હેમીંગ્વે ખલાસ.

હેમીંગ્વેનું નામ જગતના સાહિત્ય ક્ષેત્રમાં અજાણ્યું નથી. તે અમેરિકાનો મશહુર નવલિકા લખનાર હતો, તેની નવલિકા ઉપરથી સીનેમાનાં ફિલ્મદશ્યો પણ ઉતરાતાં હતાં. જે નવલ કથા માટે તેને ઈનામ મળ્યું હતું તેનું નામ છે A Farewell to Arms. ગુજરાતીમાં તેનો અર્થ કરવો હોય તો "શસ્ત્રાસ્ત્રોને નમસ્કાર.' એમ કહી શકાય.શસ્ત્રાસ્ત્રો ને નમસ્કારનું મૃત્યું પિસ્તોલ જેવા હથીયારથી અને અજાણુતાં પોતાને હાથે થાય તે કેવી વિધિની વિચિત્રતા !

સાહિત્યકાર હેમીંગ્વેની ટેવો વિચિત્ર હતી. તે પોતાના લખવાના ટેબલ ઉપર ઢગલા બંધ પુસ્તકો અને કાગળો રાખતો, સ્વભાવે તે ચોખલીઓ (Puritanical), જરા અતડો પણ લાગે કાંઈક વહેમી, અંધશ્રદ્ધાવાળો પણ ખરો ! બીલાડીઓનો અજબ શોખીન પણ તે હતો, હેમીંગ્વે પોતાનું લખાણુ લખતો જાય અને બીલાડીઓને દૂધ પણ પાતો જાય !

હેમીંગ્વેનું મનોબળ પણ જબરૂં હતું, દૃઢ મનોબળની છાપ તેના બધા લખાણુમાં છે. ધાર્મિક વિચારોમાં સ્વતંત્ર દેખાય, જરા નાસ્તિક જેવો પણ લાગે પણ રોમન કેથોલિક દેવલમાં રવિવારની પ્રાર્થના કદી ચૂકતો નહિ ! હેમીંગ્વેની નવલિકાઓનો અભ્યાસ કરતાં એમ દેખાય આવે છે કે તેમાં ઉંડી નિરાશા છે. માનવ પ્રયત્નોનો અંત પરંજયમાં પરિણુમી જાણે બધું ધૂળધાણી થઈ જતું હોય તેમ દેખાય છે, ફિલ્મોમાં તેની નવલિકાઓ ઉતરાઈ છે તેમાં મુખ્ય (1) The Snows of Kilimanjaro (2) The Sun also rises અને (3) Farewell to Arms છે. આ બધી તેની સારી કૃતિઓ તરીકે પ્રશંસા પામી ચૂકેલ છે. હેમીંગ્વેના પ્રશંસકો પૃથ્વીપરના તમામ દેશોમાં છે. તે માહેના એક મિત્ર પ્રશંસકે હેમીંગ્વેનું મૃત્યું થયું છે, એ વાત જાણી ત્યારે બોલી ઉઠ્યો " હવે પૃથ્વી પર બીજો હેમીંગ્વે નહિં જન્મે !" ખરેખર તેના લખાણોમાં પ્રત્યેક હેમીંગ્વેનું વ્યક્તિત્વ ઝળકી ઉઠેલું જોવામાં આવે છે.

જીવનનો આનંદ, જીવનની કરૂણુતા અને માનવ માત્રનું બંધુત્વ; આ વસ્તુઓનું નિરૂપણુ તેની કૃતિઓમાં જોવામાં આવે છે. હેમીંગ્વેનો સ્થૂળ દેહ નાશ પામ્યો છે. તેનો અક્ષરદેહ સદાય અમર છે !

## ઈનામી મેળાવડો

ભાવનગરમાં શ્રી જૈન ધા. શિ. મંડળ તરફથી લેવાયેલી ચોથી વાર્ષિક ધાર્મિક પરીક્ષામાં ઉત્તીર્ણ થયેલાં બાલક-બાલિકાઓને પારિતોષિક આપવાનો એક મેળાવડો તા. ૨૭-૮-૬૧ને રવિવારના રોજ બપોરના ત્રણ કલાકે શ્રી સમોવસરણુના વંડામાં પૂ. આ. મહારાજ શ્રી વિજયોદયસૂરીશ્વરજી મહારાજ સાહેબ આદિ મુનિગણુની નિશ્રામાં યોજવામાં આવ્યો હતો, જે વખતે પ્રતિષ્ઠિત ગૃહસ્થો અને શ્રાવક શ્રાવિકાઓ તથા વિદ્યાર્થી ભાઈ બહેનોની હાજરી સારા પ્રમાણુમાં હતી.

આ મેળાવડામાં શ્રીયુત અમૃતલાલ કાળીદાસ શાહ ( એડીશન જજ્જ સાહેબ ) ના હસ્તે વિદ્યાર્થી ભાઈ બહેનોને પારિતોષિક તથા પ્રમાણપત્રો અને શિક્ષક ભાઇ બહેનોને બોનસ મળી લગભગ આઠસો રૂપિયાનાં ઈનામો વહેંચવામાં આવ્યાં હતાં.

For Private And Personal Use Only

Shri Mahavir Jain Aradhana Kendra www.kobatirth.org Acharya Shri Kailassagarsuri Gyanmandir

# શ્રી જૈન આત્માનંદ સભા—ભાવનગર

## [ ૬૩-૬૪મા વર્ષનો રિપોર્ટ ]

**( સં. ૨૦૧૫ના કારતક સુદી ૧ થી સંવત ૨૦૧૬ના આસો વદી ૦)) સુધી )**

આ સભાના સં. ૨૦૧૫ તથા ૨૦૧૬ની સાલના હિસાબ તથા સરવૈયું આપની સમક્ષ રજૂ કરવામાં આવે છે.

સભા ૬૪ વરસ પૂરા કરી ૬૫માં વરસમાં પ્રવેશ કરે છે, એ અમારે મન આનંદનો વિષય છે અને પોતાના કર્તવ્યક્ષેત્રે યશસ્વી મજલ કાપી રહે એવી પરમકૃપાળુ પરમાત્મા પાસે પ્રાર્થના કરીએ છીએ.

જૈન સાહિત્યનો ઉદ્દેશ પરદેશમાં વ્યાપક પ્રચાર કરવો અને ધાર્મિક અને વ્યાવહારિક શિક્ષણનો પ્રચાર કરવો એ આ સભાનું ધ્યેય છે અને આ ધ્યેયને અનુલક્ષીને આ સભા યથાશક્તિ સેવા બજાવતી આવી છે, રિપોર્ટવાળા વરસ દરમિયાન સંયોગવશાત્ સભા સાહિત્યક્ષેત્રે કોઈ મહત્વનો ફાળો નોંધાવી શકી નથી.

એમ છતાં ભાષાંતર કે સંશોધનના મોટા ગ્રંથોની સાથે એક એક હજારના ખર્ચે નાના ગ્રંથો પ્રગટ કરવાની ઉમેદ ધરાવે છે, તેના ફળસ્વરૂપે બે નાના ગ્રંથો સભાએ પ્રગટ કર્યા છે, તેમાંનું એક છે સુપ્રસિદ્ધ સિદ્ધહસ્ત લેખક તથા વક્તા મુનિરાજ શ્રી ચંદ્રપ્રભસાગરજી મહારાજે લખેલ " કથાદીપ " અને બીજું છે લોકપ્રિય લેખક સ્વ. મોતીચંદ ગિરધરલાલ કાપડિયાએ લખેલ " ધર્મકૌશલ્ય ". યુગદષ્ટિને આવરી લેતા હોય એવા આ બંને ગ્રંથો છે. વ્યાપકદષ્ટિ એમાં સમાયેલ છે અને એટલા જ ખાતર એટલા જ આવકારદાયક નીવડ્યા છે.

આ પ્રકારનું વધુ સાહિત્ય તૈયાર કરાવીને પ્રગટ કરતા રહેવાની સભાની મનોકામના છે અને જૈન સાહિત્યના વ્યાપક પ્રચારની દિશામાં ફાળો નોંધાવતી સાહિત્ય પ્રચારની અમારી ભાવનાને દાતાઓ અપનાવશે એમ ઇચ્છીએ છીએ.

સભાની સાહિત્ય વિષયક પ્રવૃત્તિનો વિચાર કરીએ તો સભાની સાહિત્ય પ્રકાશનની પ્રવૃત્તિ (૧) આત્માનંદ સંસ્કૃત ગ્રંથમાળા (૨) શ્રી આત્માનંદ જૈન ગ્રંથમાળા અને (૩) શ્રી આત્માનંદ જૈન શતાબ્દિ સીરીઝ—આમ ત્રણ વિભાગમાં વહેંચાયેલી છે.

આત્માનંદ સંસ્કૃત ગ્રંથમાળા સં. ૧૯૬૬માં શરૂ કરવામાં આવી અને આજ સુધીમાં સભાએ ૯ કીંમતી ગ્રંથો પ્રગટ કર્યા છે. તથા પૂ. સાધુ, સાધ્વી, જૈન—જૈનેતર વિદ્વાનોને લગભગ પાંત્રીશ હજારની કિંમતના ગ્રંથો દેશ પરદેશમાં ભેટ આપ્યા છે. અભ્યાસકો અને

For Private And Personal Use Only

Shri Mahavir Jain Aradhana Kendra www.kobatirth.org Acharya Shri Kailassagarsuri Gyanmandir



તત્ત્વ પ્રેમીઓની દુનિયામાં આ સાહિત્ય સારો સત્કાર પામ્યું છે અને તે એટલું જ મૂલ્યવાન છે.

હાલમાં આગમ પ્રભાકર મુનિ મહારાજ શ્રી પુણ્યવિજયજીની પ્રેરણા અને સહકારથી સ્વ. મુનિરાજ શ્રી ભુવનવિજયજી મહારાજના વિદ્વાન શિષ્યરત્ન મુનિ મહારાજ શ્રી જંબૂવિજયજી મહારાજ અવિરત શ્રમ લઇને દર્શન શાસ્ત્રનો મહાન ગ્રંથ "નયચક્ર" તૈયાર કરી રહ્યા છે, તેનો એક ભાગ તો લગભગ તૈયાર થઈ ગયો છે, બીજો ભાગ તૈયાર થઈ રહ્યો છે. પહેલો ભાગ થોડા વખતમાં જનતા સમક્ષ રજૂ કરવા સભા ભાગ્યશાળી થશે.

શ્રી આત્માનંદ જૈન ગુજરાતી ગ્રંથમાળા : સભાના જન્મકાળથી જ સભા તરફથી આ ગ્રંથમાળા ચાલુ કરવામાં આવી છે અને આજ સુધીમાં તો નાના-મોટા ૯૩ ગ્રંથો પ્રગટ કરવામાં આવ્યા છે. અને સભાના પેટ્રનો આજીવન સભ્યો અને વિદ્વાનોને ભેટ તરીકે આપવામાં આવ્યા છે.

કાગળ અને છાપકામની સખત મોંઘવારીના લીધે પ્રકાશન કાર્ય હાલ ધીમું પડી ગયું છે. " કથા દીપ " અને "ધર્મકૌશલ્ય" એમ બે ગ્રંથો પ્રગટ કરવામાં આવ્યા છે અને બીજા વધુ પ્રકાશનો માટે સભા વિચાર કરી રહેલ છે, આ ઉપરાંત આ સભાના માનદ્મંત્રી સ્વ. વલ્લભદાસ ત્રિભોવનદાસ ગાંધીની સેવાના સ્મારકરૂપે જે સ્મૃતિગ્રંથ પ્રગટ કરવાનો છે તેની પણ યોગ્ય વિચારણા ચાલી રહેલ છે.

જૈન આત્માનંદ શતાબ્દિ સિરિઝ :—શ્રી ત્રિષષ્ટિ શલાકા પુરૂષ ચરિત્ર મૂળના ચાર ભાગ આ સિરિઝમાં પ્રગટ કરવામાં આવ્યા છે અને પાંચમા ભાગથી તેનું પ્રકાશન કરવાનું બાકી છે તે માટે યોગ્ય વિચારણા ચાલુ છે.

આ ઉપરાંત ' આત્માનંદ પ્રકાશ " માસિક છેલ્લા ૫૮ વરસથી નિયમિત રીતે પ્રગટ થઇ રહ્યું છે. તેને વધુ સમૃદ્ધ કરવાની જરૂર છે, પણ મોંઘવારી અને આર્થિક સંકડામણને અંગે આ કાર્ય ઢીલમાં પડયું છે.

ઉપરની તમામ પ્રવૃત્તિને વધુ વેગ વાન બનાવવા માટે દાતાઓ અને સાહિત્યોપાસકોનો અમો આ તકે સહકાર માગીએ છીએ આ ઉપરાંત સભાની અન્ય પ્રવૃત્તિઓમાં શ્રી મૂળચંદભાઈ સ્મારક કેળવણી ફંડ, બાબુ પ્રતાપચંદજી ગુલાબચંદજી કેળવણી ફંડ, શ્રી ખોડીદાસ ધરમચંદ જૈન બન્ધુઓ માટેનું રાહત ફંડ, આઝાદ દિન રાહત ફંડ, વગેરે ફંડના કાર્યો, તેના ધ્યેયને અનુલક્ષીને ચાલુ જ છે, તેમજ પ્રવર્તક મુનિરાજ શ્રી કાન્તિ વિજયજી મહારાજ સ્મારક કેળવણી ફંડ અને સ્વ. શેઠ દેવચંદ દામજી સ્મારકની આવેલ રકમમાંથી મેટ્રિકના વિદ્યાર્થીઓ માટે ચંદ્રક આપવાની યોજના હવે થોડા જ સમયમાં અમલમાં મુકવામાં આવશે.

દેવ ગુરૂ ભક્તિ અંગે આ, શ્રી વિજયાનંદસૂરીશ્વરજી મહારાજની જન્મ જયન્તિ ચૈત્ર શુ. ૧ ના શ્રી શત્રુંજયની યાત્રા કરીને, અને પૂજ્યપાદ મુનિવર્ય શ્રી મૂળચંદજી

For Private And Personal Use Only

Shri Mahavir Jain Aradhana Kendra www.kobatirth.org Acharya Shri Kailassagarsuri Gyanmandir



મહારાજની તથા પૂ. આચાર્ય શ્રી વિજયકમળસૂરીશ્વરજી મહારાજની જયંતિ માગશર વદી ૬ તથા આ. શુ ૧૦ ના રોજ પૂજાદિ ભણાવીને નિયમિત ઉજવવામાં આવે છે તેમજ સભાની વાર્ષિક દિવસ પણ જેઠ. શુ ૨ ના રોજ તળાજા તીર્થની યાત્રા કરીને ઉજવવામા આવે છે. રિપોર્ટના સમય દરમિયાન આ જયંતિએ ઉજવવામાં આવી હતી.

આ રિપોર્ટના સમય દરમિયાન સભાના પેટ્રનો તેમજ આ જીવન સભ્યો સ્વર્ગ વાસી થયા છે. તેમની આ સભા સખેદ નોંધ લે છેઃ—

શા અમૃતલાલ કાળીદાસ, શા વીરચંદ પાનાચંદ શા પરસોતમ સુરચંદ, શા નરોતમ શામજી, શા પ્રેમચંદ મોતીચંદ, શા મગનલાલ હરજીવનદાસ, શા બાબુભાઈ ખીમચંદ, શા ફુલચંદ ખુશાલદાસ, શા ભીખાભાઈ ભુદરદાસ, શા મોહનલાલ દીપચંદ, શા નગીનદાસ હેમચંદ. શા સાકરલાલ માણેકચદ, શા હીમતલાલ ભગવાનજી, શા હેમચંદ ગાડાલાલ, શા. નંદલાલ ખુશાલ, શા ગુલાબચંદ અમરચંદ, શા હીરાલાલ ગીરધર, શા અમૃતલાલ કેશવજી.

૬૪ વરસના લાંબા ગાળામાં સભાએ જે વિકાસ સાધ્યો છે. તે અનેક સાહિત્ય સેવકોની અસીમ કૃપાનું જ પરિણામ છે. અનેક વ્યક્તિઓનો સભાને સમયે સમયે સાથ મળતો જ રહ્યો છે. તે સૌનો વ્યક્તિગત આભાર ન માનતા આ તકે સમગ્ર દૃષ્ટિએ આભાર માનીએ છીએ. અને આગમ પ્રભાકર મુનિ મહારાજ શ્રી પુણ્ય વિજયજી મહારાજ જેઓ શ્રી ની કૃપાને અંગે આ સભા સાહિત્ય પ્રકાશનનું ગૌરવ ભર્યું કાર્ય કરી શકેલ છે. અને આ સભાની પ્રગતિ માટે જેઓશ્રી સતત કાળજી રાખી રહ્યા છે. તેઓશ્રીનો, તેમજ નયચક્ર જેવા કઠણ ગ્રંથના સંપાદન અંગે જેઓ શ્રી અવિરત શ્રમ લઈ રહ્યા છે અને સભાની સાહિત્ય પ્રકાશનની પ્રવૃત્તિને શોભાવી રહ્યા છે તે મુનિ શ્રી જંબૂવિજયજી મહારાજનો પણ આ તકે આભાર માન્યા વિના રહી શકતા નથી. અમે ઈચ્છીએ છીએ કે ઉભય મહાત્માઓના સહકારથી સભા વધુને વધુ સાહિત્ય પ્રકાશન કરવા ભાગ્યવંતી બને.

અંતમાં, સાહિત્ય પ્રકાશન, શિક્ષણ પ્રચાર અને સમાજ સેવાના કાર્યો કરવાની જે અનેક મનોકામના સભાના દિલમાં ભરી પડી છે તે સિદ્ધ કરવા સભા ભાગ્યશાળી બને તેવી પરમ કૃપાળુ પરમાત્મા પાસે પ્રાર્થના કરી અમે વિરમીએ છીએ.

વિઠ્ઠલદાસ મૂળચંદ શાહ
જાદવજી ઝવેરભાઈ શાહ
ઓ. સેક્રેટરીઓ

For Private And Personal Use Only

## શ્રી આત્માનંદ જૈન

### સંવત ૨૦૧૫ના આસો વદી અમાસના રોજ

| આવક | | |
|---|---|---|
| **શ્રી જ્ઞાન ખાતે :** | | |
| પુસ્તક વેચાણુના: | ૧૬૬-૦૦ | |
| પસ્તી વેચાણુ તથા પરચુરણુ આવક : | ૮૭-૩૧ | |
| પુસ્તક વેચાણુના નફાના: | ૩૨૦-૬૫ | |
| જ્ઞાન ખાતે તૂટના સરવૈયામાં લઈ ગયા તે: | ૧૬૯૬-૫૮ | ૨૫૭૦-૫૪ |
| **શ્રી આવક ખાતે:** | | |
| વાર્ષિક ફી: | ૪૦-૦૦ | |
| મકાન ભાડા ખાતે: | ૨૨૨૪-૦૦ | |
| વ્યાજ ખાતે: | ૩૪૫-૦૦ | |
| લાઇફ મેમ્બર્સના સ્વર્ગવાસનો હવાલો: | ૧૬૫૦- ૦ | ૪૨૫૯-૦૦ |
| | કુલ રૂપીઆ... | ૬૮૨૯-૫૪ |

અમારા રીપોર્ટ મુજબ

ભાવનગર તા. ૧-૫-૬૧

Sanghavi & Co.
ચાર્ટર્ડ એકાઉન્ટન્ટસ

Shri Mahavir Jain Aradhana Kendra www.kobatirth.org Acharya Shri Kailassagarsuri Gyanmandir

# સભા–ભાવનગર

## પુરા થતા વર્ષનો આવક–ખર્ચનો હિસાબ

ખર્ચ

| | | |
|---|---|---|
| **શ્રી જ્ઞાન ખાતે:** | | |
| સ્ટેશનરી પરચુરણ તથા તાર ટપાલ: | ૨૦–૯૯ | |
| આત્માનંદ પ્રકાશ પુસ્તક ૫૬ની તૂટના | ૨૫૪૯–૫૫ | ૨૫૭૦–૫૪ |
| **શ્રી ખર્ચ ખાતે:** | | |
| પગાર: | ૧૮૦૦-૦૦ | |
| વ્યાજ | ૮૭૫-૭૫ | |
| પેપર ખર્ચ: | ૨૭[illegible] | |
| વીમા ખર્ચ: | ૪૮૫–૭૮ | |
| ઉજમબાઈ જૈન ધર્મશાળા મદદ: | ૧૨૫–૦૦ | |
| વૃદ્ધિચંદ્રજી જૈન પાઠશાળા મદદ: | ૨૦–૦૦ | |
| પરચુરણ ખર્ચ | ૩૩૭–૩૩ | |
| ઇલેકટ્રીક ખર્ચ: | ૯૮–૪૪ | |
| લાઇબ્રેરી ખર્ચ: | ૪૯–૯૭ | |
| સ્ટેશનરી: | ૪–૧૯ | |
| તારટપાલ: | ૩૦–૫૯ | ૪૦૭૬–૦૬ |
| શ્રી ખર્ચ કરતાં આવકના વધારાના સરવૈયામાં નિભાવ ફંડ ખાતે લઈ ગયા તે: | | ૧૮૨–૯૪ |
| | કુલ રૂપીઆ.... | ૬૮૨૯–૫૪ |

For Private And Personal Use Only

# શ્રી જૈન આત્માનંદ

## સંવત ૨૦૧૫ના આસો

| ફંડ તથા દેવું | | |
|---|---|---|
| **શ્રી નિભાવ ફંડ ખાતે :** | | |
| ગયા વર્ષના સરવૈયા મુજબ : | ૩૦૮૬–૦૯ | |
| ઉમેરો : વર્ષ દરમ્યાન વધારાના આવક – ખર્ચ ખાતાના હિસાબ મુજબ : | ૧૮૨–૯૪ | ૩૨૬૯–૦૩ |
| **શ્રી ફંડ ખાતે :** | | |
| પેટ્રન તથા લાઇફ મેમ્બરશીપ ફંડ ખાતે: | ૭૪૯૮૭– ૦ | |
| ગુજરાતી સીરીઝ ખાતે : | ૩૫૬૫૧–૦૦ | |
| જયંતી ફંડ ખાતે : | ૧૪૬૯૪–૭૨ | |
| જ્ઞાન ખાતે, પુસ્તકો છપાવવા માટે : | ૨૩૫૧–૭૦ | |
| જુદા જુદા ફંડો ખાતે : | ૧૩૬૬૫–૫૩ | ૧૪૧૩૪૯–૯૫ |
| **શ્રી દેવું :** | | |
| ડીપોઝીટ : | ૯૫–૦૦ | |
| પરચુરણ દેવું : | ૩૯૮૩–૪૬ | ૪૦૭૮–૪૬ |
| કુલ રૂપિયા | | ૧૪૮૬૯૭–૪૪ |

### ઓડીટર્સ રીપોર્ટ

અમોએ ઉપરનું શ્રી જૈન આત્માનંદ સભા, ભાવનગરનું સંવત ૨૦૧૫ના આસો વદી અમાસના રોજ પુરા થતા વર્ષનું સરવૈયું તથા તેજ દિવસે પુરા થતા વર્ષનો આવક–ખર્ચનો હિસાબ, ચોપડા તથા વાઉચરો તપાસેલ છે અને તે બરાબર માલુમ પડેલ છે.

ભાવનગર — Sanghavi & Co.

તા. ૧–૫–૬૧ — ચાર્ટર્ડ એકાઉન્ટન્ટસ

Shri Mahavir Jain Aradhana Kendra www.kobatirth.org Acharya Shri Kailassagarsuri Gyanmandir

For Private And Personal Use Only

Shri Mahavir Jain Aradhana Kendra www.kobatirth.org Acharya Shri Kailassagarsuri Gyanmandir

# સભા — ભાવનગર

## વદી અમાસના રોજનું સરવૈયું

### મિલ્કત તથા લેણું

| | | |
|---|---|---|
| **શ્રી જ્ઞાન ખાતે :** | | |
| વેચાણુ પુસ્તક સ્ટોક : | ૨૦૫૭૨–૭૫ | |
| કાગળ તથા અન્ય સ્ટોક : | ૨૮૮–૬૯ | |
| પુસ્તક તૈયાર કરવામાં થયેલ ખર્ચ : | ૩૬૨૪–૮૭ | |
| જ્ઞાન ખાતે તૂટના : | ૧૦૦૯૧–૪૪ | ૩૪૫૭૭–૭૫ |
| **શ્રી મકાન ખાતે :** | | ૯૪૭૯૨–૦૯ |
| **શ્રી ઈન્વેસ્ટમેન્ટસ :** | | |
| ભાવનગર સ્ટેટ ટ્રેઝરી બોન્ડઝ : | ૧૦૦૦૦–૦૦ | |
| શ્રી મહાલક્ષ્મી મિલ્સના શેરોમાં : | ૨૦૦–૦૦ | ૧૦૨૦૦–૦૦ |
| **શ્રી લોન (તારણુ વગરની) :** | | ૧૩૧૦–૩૮ |
| **શ્રી ડીપોઝીટ તથા લેણું :** | | |
| બુકસેલર્સ : | ૬૮૪–૫૬ | |
| ભાડુતો પાસે : | ૧૦૩૮–૫૯ | |
| ડીપોઝીટ : | ૩૦–૦૦ | |
| પરચુરણ લેણું : | ૯૫–૦૦ | ૧૮૪૮–૧૫ |
| **શ્રી બેન્ક બેલેન્સ તથા રોકડ પુરાંત :** | | |
| બેન્કમાં સેવીંગ્ઝ ખાતામાં : | ૨૦૬૯–૦૦ | |
| બેન્કના કરંટ ખાતામાં : | ૩૫૪૫ ૩૭ | |
| સ્ટેમ્પ : | ૭૫–૬૨ | |
| શ્રી રોકડ પુરાંત : | ૩૦૫–૦૩ | ૫૯૪૫–૦૨ |
| **શ્રી સરવૈયા ફેરના :** | | ૨૪–૦૫ |
| કુલ રૂપિયા | | ૧૪૮૬૯૭–૪૪ |

For Private And Personal Use Only

## શ્રી જૈન આત્માનંદ

### સંવત ૨૦૧૬ના આસો વદી અમાસના રોજ

**આવક**

| | | |
|---|---|---|
| **શ્રી જ્ઞાન ખાતે :** | | |
| પુસ્તક વેચાણના | ૯૧-૭૦ | |
| પુસ્તક વેચાણના નફાના | ૪૬૩-૧૨ | |
| પરચુરણ ઉપજ તથા પસ્તી વેચાણના | ૧૧૮-૫૩ | |
| આત્માનંદ પ્રકાશ પુસ્તક ૫૬ તથા ૫૭ના સભ્યોને મોકલેલ અંકના જમા | ૪૨૬૬-૭૦ | |
| | | ૪૯૩૮-૬૫ |
| **શ્રી આવક ખાતે :** | | |
| વાર્ષિક ફી | ૨૫-૦૦ | |
| મકાન ભાડા ખાતે | ૨૧૭૦-૫૦ | |
| સ્વર્ગવાસના હવાલા | ૨૫૦-૦૦ | |
| | | ૨૪૪૫-૫૦ |
| શ્રી ચાલુ વર્ષની તૂટના સરવૈયામાં લઈ ગયા તે | | ૫૫૮૯-૪૪ |
| **કુલ રૂપિયા** | | ૧૨૯૭૩-૫૯ |

# સભા–ભાવનગર

## પુરા થતા વર્ષનો આવક—ખર્ચનો હિસાબ

| ખર્ચ | | |
|---|---|---|
| **શ્રી જ્ઞાન ખાતે :** | | |
| પરચુરણ ખર્ચ | ૩–૭૫ | |
| આત્માનંદ પ્રકાશ પુસ્તક ૫૭ની તુટના | ૨૨૩૧–૨૬ | |
| **શ્રી જ્ઞાન ખાતાની બચતના** સરવૈયામાં લઈ ગયા તે | ૨૭૦૩–૬૪ | |
| | | ૪૯૩૮–૬૫ |
| **શ્રી ખર્ચ ખાતે** | | |
| પગાર | ૧૮૫૦–૦૯ | |
| આત્માનંદ પ્રકાશ પુસ્તક ૫૬ તથા ૫૭ના અંકો મેમ્બરોને મોકલેલ તેના ખર્ચના | ૪૨૬૬–૦૭ | |
| વીમા ખર્ચ | ૫૨૯–૧૨ | |
| વર્તમાનપત્ર ખર્ચ | ૧૮૩–૨૨ | |
| વ્યાજ | ૪૨૨–૨૮ | |
| પરચુરણ ખર્ચ | ૪૧૨–૦૩ | |
| લાઇબ્રેરી ખર્ચ | ૬૫–૬૫ | |
| ઇલેકટ્રીક ખર્ચ | ૬૪–૭૫ | |
| વૃદ્ધિચંદ્રજી સામાયિક શાળા | ૨૦–૦૦ | |
| ઉજમબાઈ જૈન કન્યાશાળાને ગ્રાંટ | ૧૨૫–૦૦ | |
| પોસ્ટેજ ખર્ચ | ૧૮–૭૫ | |
| માનપાન તથા મેળાવડો ખર્ચ | ૪–૮૭ | |
| સ્ટેશનરી ખર્ચ | ૦–૭૫ | |
| | | ૭૯૬૨–૪૨ |
| **શ્રી સરવૈયા ફેરના લખી વાળ્યા તે** | | ૭૨–૫૨ |
| કુલ રૂપિયા | | ૧૨૯૭૩–૫૯ |

Shri Mahavir Jain Aradhana Kendra www.kobatirth.org Acharya Shri Kailassagarsuri Gyanmandir

# શ્રી જૈન આત્માનંદ

## સંવત ૨૦૧૬ના આસો વદી

### ફંડ તથા દેવું

| | | |
|---|---|---|
| **શ્રી ફંડ ખાતે** | | |
| પેટ્રન તથા લાઇફ મેમ્બરશીપ ફંડ ખાતે : | ૭૪૮૩૮–૦૮ | |
| ગુજરાતી સીરીઝ ખાતે : | ૩૫૬૫૧–૬૦ | |
| જયંતી ફંડ ખાતે : | ૧૪૯૧૬–૨૨ | |
| જ્ઞાન ખાતે, પુસ્તકો છપાવવા માટે : | ૨૭૧૦–૦૦ | |
| જુદા જુદા ફંડો ખાતે : | ૨૦૦૪૯–૨૫ | ૧૪૮૧૬૭–૦૭ |
| **શ્રી ડીપોઝીટ તથા પરચુરણ દેવું :** | | |
| ડીપોઝીટ : | ૯૫–૦૦ | |
| પરચુરણ દેવું : | ૫૩૫–૨૩ | ૬૩૦–૨૩ |
| | કુલ રૂપિયા | ૧૪૮૭૯૭–૩૦ |

### ઓડીટર્સ રીપોર્ટ

અમોએ ઉપરનું શ્રી જૈન આત્માનંદ સભા, ભાવનગરનું સં. ૨૦૧૬ના આસો વદી અમાસના રોજ પુરા થતા વર્ષનું સરવૈયું તથા તેજ દિવસે પુરા થતા આવક—ખર્ચનો હિસાબ સભાના ચોપડા તથા વાઉચરો સાથે તપાસેલ છે અને બરાબર માલુમ પડેલ છે.

ભાવનગર
તા. ૧–૫–૬૧

Sanghavi & Co.
ચાર્ટર્ડ એકાઉન્ટન્ટસ

For Private And Personal Use Only

# સભા—ભાવનગર

## વદી અમાસના રોજનું સરવૈયું

| મિલ્કત તથા લેણું | | |
|---|---|---|
| **શ્રી જ્ઞાન ખાતે :** | | |
| વેચાણ પુસ્તક સ્ટોક : | ૧૯૮૫૨-૫૦ | |
| કાગળ સ્ટોક : | ૨૩૪-૭૫ | |
| પુસ્તક યાર કરવામાં થયેલ ખર્ચ : | ૩૪૨૩-૫૩ | |
| જ્ઞાન ખાતે તુટના : | ૭૩૮૭-૫૯ | ૩૦૮૯૮-૩૭ |
| **શ્રી મકાન ખાતે :** | | ૯૪૭૬૨-૦૯ |
| **શ્રી ઈન્વેસ્ટમેન્ટસ :** | | |
| શ્રી મહાલક્ષ્મી મીલ્સના શેરોમાં : | ૨૦૦-૦૦ | |
| શ્રી ભાવનગર ઇ. કુ.માં ફીકસ ડીપોઝીટ | ૬૦૦૦-૦૦ | ૬૨૦૦-૦૦ |
| **શ્રી લોન : તારણ વગરની** | | ૧૩૨૦-૩૯ |
| **શ્રી લેણું :** | | |
| બુકસેલર્સ : | ૫૩૩-૬૨ | |
| ભાડુતો પાસે : | ૧૨૯૨-૨૮ | |
| સ્ટાફ પાસે : | ૩૫૫-૦૦ | |
| પરચુરણ લેણું : | ૩૨૩-૭૮ | ૨૫૦૪-૬૮ |
| **શ્રી એડવાન્સીઝ :** | | |
| શ્રી મકાન રીપેર કામ માટે : | | ૫૮૮૫-૦૦ |
| **શ્રી ડીપોઝીટ :** | | ૩૦-૦૦ |
| **શ્રી બેન્ક બેલેન્સ તથા રોકડ પુરાંત :** | | |
| બેન્કમાં સેવીંગ્ઝ ખાતામાં | ૨૦૬૯-૦૦ | |
| બેન્કમાં કરંટ ખાતામાં : | ૨૪૫૨-૪૭ | |
| સ્ટેમ્પ : | ૪૮-૦૩ | |
| રોકડ પુરાંત : | ૨૭૬-૮૭ | ૪૮૪૬-૩૭ |
| **શ્રી નિભાવ ફંડ ખાતે :** | | |
| ચાલુ વર્ષની તુટના આવક-ખર્ચ ખાતાના હિસાબ મુજબ : | ૫૫૮૯-૪૪ | |
| બાદ : ગયા વર્ષના નિભાવફંડની બચતના: | ૩૨૬૯-૦૩ | ૨૩૨૦-૪૧ |
| | કુલ રૂપિયા | ૧૪૮૭૯૭-૩૦ |

Shri Mahavir Jain Aradhana Kendra www.kobatirth.org Acharya Shri Kailassagarsuri Gyanmandir

## સં. ૨૦૧૬ ની સાલ સુધીમાં થયેલ પેટ્રન સાહેબોની નામાવલ

૧ શેઠ ચંદુલાલ સારાભાઇ મોદી બી. એ.
૨ રા. બ. શેઠ કાન્તિલાલ ઇશ્વરલાલ જે. પી.
૩ શેઠ રતીલાલ વાડીલાલ
૪ ” માણેકલાલ ચુનીલાલ જે. પી.
૫ ” કાન્તિલાલ બકોરદાસ
૬ રાવબહાદુર શેઠ નાનજીભાઈ લધાભાઇ
૭ ” ભોગીલાલભાઈ મગનલાલ
૮ ” રમણિકલાલ ભોગીલાલભાઇ
૯ ” મોહનલાલ તારાચંદ જે. પી.
૧૦ ” ત્રિભુવનદાસ દુર્લભદાસ
૧૧ ” ચંદુલાલ ટી. શાહ જે. પી.
૧૨ ” રમણિકલાલ નાનચંદ
૧૩ ” દુર્લભદાસ ઝવેરચંદ
૧૪ ” દલીચંદ પુરૂષોત્તમદાસ
૧૫ ” ખાન્તિલાલ અમરચંદ
૧૬ રાવ બહાદુર શેઠશ્રી જીવતલાલ પ્રતાપશી
૧૭ ” ખુશાલદાસ ખેંગારભાઇ
૧૮ ” કાન્તિલાલ જેશીંગભાઇ
૧૯ ” ચંદ્રકાન્તભાઈ ઉજમશી
૨૦ ” લક્ષ્મીચંદ દુર્લભદાસ
૨૧ ” કેશવલાલ લલ્લુભાઈ
૨૨ શાહ ઓધવજીભાઈ ધનજીભાઇ, સોલિસિટર
૨૩ શેઠ મણિલાલ વનમાળીદાસ બી. એ.
૨૪ ” સારાભાઈ હઠીસીંગ
૨૫ ” રમણભાઇ દલસુખભાઈ
૨૬ ” જમનાદાસ મોનજી ઝવેરી
૨૭ ” હીરાલાલ અમૃતલાલ બી. એ.
૨૮ મહેતા ગિરધરલાલ દીપચંદ કમળેજવાળા
૨૯ શાહ લવજીભાઇ રાયચંદ
૩૦ ” પાનાચંદ લલ્લુભાઇ
૩૧ શેઠ કસ્તુરભાઇ લાલભાઇ
૩૨ ” પરશોત્તમદાસ મનસુખલાલ તારવાળા
૩૩ મહેતા મનસુખલાલ દીપચંદ કમળેજવાળ
૩૪ શેઠ છોટાલાલ મગનલાલ
૩૫ ” માણેકચંદ પોપટલાલ થાનગઢવાળા
૩૬ શેઠ નગીનદાસ કરમચંદ સંઘવી
૩૭ ડોકટર સાહેબ વલ્લભદાસ નેણશીભાઇ મહેતા
૩૮ શેઠ સકરચંદ મોતીલાલ મૂળજી
૩૯ ” પ્રાગજીભાઇ ઝવેરચંદ
૪૦ ” ખીમચંદ લલ્લુભાઇ
૪૧ ” કેશવજીભાઇ નેમચંદ
૪૨ ” હાથીભાઈ ગલાલચંદ
૪૩ ” અમૃતલાલ ફૂલચંદ
૪૪ ” વનમાળી ઝવેરચંદ
૪૫ ” ખીમચંદ મોતીચંદ સરવૈયા
૪૬ ” રમણલાલ જેશંગભાઇ ઉગરચંદ
૪૭ ” મગનલાલ મૂળચંદભાઇ
૪૮ ” કેશવલાલ બુલાખીદાસ
૪૯ ” ચીમનલાલ મગનલાલ
૫૦ ” રતિલાલ ચત્રભુજ
૫૧ ” પોપટલાલ ગિરધરલાલ
૫૨ ” કાન્તિલાલ હીરાલાલ કુસુમગર
૫૩ ” સાકરલાલ ગાંડાલાલ વેલાણી
૫૪ ” હરખચંદ વીરચંદ
૫૫ ” ચંદુલાલભાઇ વર્ધમાન
૫૬ ” છોટાલાલ ભાઇચંદભાઈ
૫૭ શ્રીમતી પ્રભાવતીબેન હરખચંદ ગાંધી

For Private And Personal Use Only

Shri Mahavir Jain Aradhana Kendra www.kobatirth.org Acharya Shri Kailassagarsuri Gyanmandir


| ક્રમાંક | લેખ | લેખક | પૃષ્ઠ |
|---|---|---|---|
| ૧૩ | સ્વાલંબન | અનુ. વિઠ્ઠલદાસ મૂ. શાહ | ૬૮ |
| ૧૪ | બુદ્ધિ અને શ્રદ્ધા | બાલચંદ હીરાચંદ | ૭૨ |
| ૧૫ | સર્વોદય | મુની શ્રી જંબુસૂરિશ્વરજી | ૭૫ |
| ૧૬ | અંધ શ્રદ્ધા સામે જેહાદ | પરમાણંદદાસ કુંવરજી | ૭૮ |
| ૧૭ | અધ્યાત્મ મૌકિતકો | અમરચંદ માવજી | ૭૯ |
| ૧૮ | નિરંતર–વિચારવા લાયક સુંદર ભાવનાં | મુની શ્રી લક્ષ્ણીસાગરજી | ૮૦ |
| ૧૯ | દ્રવ્યનો ઉપયોગ | વિઠ્ઠલદાસ મૂ. શાહ | ૮૩ |
| ૨૦ | પુરુષાર્થને બધું સુલભ છે | બાલચંદ હીરાચંદ | ૮૮ |
| ૨૧ | શેઠ કસ્તુરભાઇ લાલભાઈને સન્માન પત્ર | શેઠ ડોસાભાઇ અભેચંદ | ૯૧ |
| ૨૨ | એ માર્ગે નહિ જાઉં | ગોપાલ ધ્રુવ | ૯૩ |
| ૨૩ | પ્રભુ પ્રીત | બાપુલાલ કાળીદાસ સંઘાણી | ૯૬ |
| ૨૪ | ભ મહાવીરનો અનુપમ સત્યાગ્રહ | ... ... ... ... | ૧૦૪ |
| ૨૫ | અનેકાંત દૃષ્ટિ | જયંતિલાલ ભાયશંકર | ૧૦૭ |
| ૨૬ | ધ્રુવ અને અધ્રુવ | બાલચંદ હીરાચંદ | ૧૦૮ |
| ૨૭ | પ્રભુદર્શન | બાપુલાલ કાળીદાસ સંઘાણી | ૧૧૭ |
| ૨૮ | ભ. મહાવીરના સમયનો એક બોધક પ્રસંગ | અમરચંદ નાહટા | ૧૧૩ |
| ૨૯ | ભૂલોથી જ્ઞાન વધે છે | બાલચંદ હીરાચંદ | ૧૨૩ |
| ૩૦ | સ્વ. સા. 'સુશીલ'નો જીવન પરીચય | પરમાણંદભાઇ | ૧૨૯ |
| ૩૧ | સર્વ સિદ્ધિયે કારણ | શ્રી કાકા કાલેલકર | ૧૩૩ |
| ૩૨ | બંધનો તોડવાં પડશે | શ્રી કેદાર નાનજી | ૧૩૫ |
| ૩૩ | યુવાનીને જવા નદો | મોહનજીતસિંહ | ૧૪૧ |
| ૩૪ | માયાજાળ | મુનિ શ્રી લક્ષ્મીસાગરજી | ૧૪૩ |
| ૩૫ | ક્ષણ ભંગુર જીવન | બાલચંદ હીરાચંદ | ૧૪૫ |
| ૩૬ | ઉત્તમ શીલ | અનુ. વિઠ્ઠલદાસ મૂ. શાહ | ૧૪૮ |
| ૩૭ | ગુણથીજ મોટાઇ મળે છે | બાલચંદ હીરાચંદ | ૧૫૮ |
| ૩૮ | માનવો ચિંત સુખ | કેદારનાથજી | ૧૬૦ |
| ૩૯ | પાસનવણુ ( પાર્શ્વ સ્તવન ) | હીરાલાલ ર. કાપડીયા | ૧૬૨ |
| ૪૦ | પર્યુષણ મહાપર્વ ઉજવો | મુની શ્રી લક્ષ્મીસાગરજી | ૧૬૫ |
| ૪૧ | પાંચ વર્ષનું પ્રમુખ પદ | દીવેટ | ૧૬૬ |
| ૪૨ | વ્યાકુલતા | બાલચંદ હીરાચંદ | ૧૭૬ |
| ૪૩ | કર્મ બંધ અને પુરુષાર્થ | ચુનીલાલ વર્ધમાન શાહ | ૧૭૯ |
| ૪૪ | દીવાળી પર્વનું મહત્વ અને રિદ્ધિ સિદ્ધિ | મુની શ્રી લક્ષ્મીસાગરજી | ૧૮૨ |


For Private And Personal Use Only

Shri Mahavir Jain Aradhana Kendra www.kobatirth.org Acharya Shri Kailassagarsuri Gyanmandir

Reg. No. B. 431

# ચિત્તશુદ્ધિની વૃત્તિ

'હું પાપી જીવ છું, આ હાથે કેટલાં યે પાપ થયાં છે. મારૂં હૃદય તે કેમ પવિત્ર થાય? ચિત્તશુદ્ધિનો આપણે તો વિચાર જ માંડી વાળવો." આ પ્રકારના નિરાશાજનક વિચારો તદ્દન પાયા વગરના છે. કોઇનું યે ચિત્ત સર્વાંશે અશુદ્ધ હોઇ શકતું નથી તે અમુક અંશે શુદ્ધ જ હોય છે અને ચિત્ત પોતે વિશુદ્ધ થવાના સ્વભાવવાળું છે. અને તેથી જ 'મારું ચિત્ત શુદ્ધ થાય તો સારું' એવી વૃત્તિ જન્મે છે. એ વૃત્તિ જ્યારે બલત્તર બને છે ત્યારે પ્રવૃત્તિ સંભવે છે એટલે કે વૃત્તિ ફળીભૂત થવા માટે ક્રિયાત્મક બને છે. ક્રિયાત્મક વૃત્તિ એટલે પ્રવૃત્તિ. ચિત્તની પોતાના પરમ કલ્યાણ માટેની વૃત્તિ, તેની બીજી બધી વૃત્તિઓ કરતાં સ્વભાવિક રીતે વધારે બળવાન હોય છે. એટલે જેને ખરે ખર પરમ કલ્યાણ સાધવાની ઇચ્છા છે તેવા મનુષ્યની ચિત્તશુદ્ધિ વૃત્તિ અને પ્રવૃત્તિ સફલ ન થાય તેમ માનવું એ પ્રાકૃતિક નિયમથી વિરુદ્ધ છે અને હાથે કરી સર્વનાશ અને અશુદ્ધિનાં આવરણને પોતા પરથી દૂર ફેંકી દેવા તે સર્વ વાતે સમર્થ છે.

— પારસાર્થ

પ્રકાશક : ખીમચંદ ચાંપશી શાહ, શ્રી જૈન આત્માનંદ સભાવતી
મુદ્રક : હરિલાલ દેવચંદ શેઠ : : આનંદ પ્રિન્ટીંગ પ્રેસ—ભાવનગર.

For Private And Personal Use Only